# બુદ્ધિપ્રભા.

(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम्
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી જુલાઈ. સન ૧૯૧૨ અંક ૪ થો.

## ऐंऐंऐंऐं नमः

## भलुं कर ! सर्वजीवोनुं

કવ્વાલિ.

ભલા માટે થયો તું શ્રેષ્ઠ, ભલું કરવા ધરી તેં દેહ;
ગુમાવીશ વ્યર્થ નહિ શક્તિ, ભલું કર સર્વ જીવોનું. ૧
સદા ઉપકારને માટે, નદી સરઆડ ને નદીઓ;
થયો માનવ બહુ પુણ્યે, ઘણા ઉપકાર કર જગમાં! ૨
કરી ઉપકાર અન્યોપર, પછીથી કલેશ આદિથી;
અહો પસ્તાય તે નહિસુજ્ઞ, અનુમોદન ભલાનું કર ! ૩
સદા નિસ્વાર્થ પ્રીતિથી, જગત્ સેવા કરી લેજે;
જગત સેવા ફરજમાની, યથા શક્તિ પ્રવૃત્તિ કર ! ૪
પ્રથમ શેવા થકી સેવક બનીને ઉચ્ચ થાવાનું
જગત્ સેવાર્થ સહુ શક્તિ, મળી તે વાપરી લેજે. ૫
કદી કંજુસ નહિ બન તું, યથાશક્તિ, મળ્યું તે ખર્ચ;
ખરૂં એ આર્યનું કૃત્યજ, સ્મરણમાં રાખજે ચેતન ! ૬
કરી ઉપકારનાં કૃત્યો, સદા તું ચાલજે આગળ;
મળે બહુ વાપરે તેથી, ખરેખર ભાવિભવમાં તે. ૭
ગણી નિજ આત્મવત્ સહુને, કરૂણા સર્વપર ધરઝટ;
"**બુદ્ધ્યબ્ધિ**" બોધ માનીને, સુધારી લે જીવન બાકી. ૮

૧૯૬૮. માહ સુદી ૭ નવસારી.

# अध्यात्मज्ञाननी आवश्यक्ता.

ભાવ અધ્યાત્મમાં પ્રવેશ કરવા માટે દ્રવ્યાદિ નિક્ષેપની જરૂર છે. અનેક ભવના અભ્યાસથી ભાવાધ્યાત્મ તરફ ગમન કરી શકાય છે. આપણે અધ્યાત્મ તરફ ગમન કરવાને માટે ઇચ્છા રાખીએ છીએ પરન્તુ તે પહેલાં એક ઉપયોગી સૂચના એ લક્ષ્યમાં રાખવાની છે કે મારો અધિકાર તે માટે થયો છે કે નહિ તેનો નિર્ણય કરવો, અધ્યાત્મ માર્ગ તરફ આવતાં જે જેસત્ ક્રિયાઓ કરણીય હોય તેનો આદર કરવો અને ઘર બાંધતાં પહેલાં જેમ પાયો મજબુત કરાય છે તેમ અધ્યાત્મ તરફ વળતાં પહેલાં સદાચરણનો પાયોજ મજબુત કરવો. અધ્યાત્મ જ્ઞાનથી મારા આત્માના ગુણો પ્રકટ થવાના છે એમ મનમાં દૃઢ નિશ્ચય કરવો અને સતકાર્યોના વ્યવહારમાંથી પાછું ન ફરાય તે માટે પૂરતો ઉપયોગ રાખવો. અધ્યાત્મ જ્ઞાન રૂપ આગબોટમાં બેસીને મોક્ષ નગર તરફ પ્રયાણ કરવાની જરૂર છે. જે મનુષ્યો સંસારમાં શું સત્ય છે તેની ખોળ કરે છે તેઓ અધ્યાત્મ તરફ આવે છે. જે મનુષ્યો પોતાના આત્માનો સહજ આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ તરફ વળે છે. જે મનુષ્યો સાંસારિક દુઃખોનો નાશ કરવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જે મનુષ્યો વિષય વૃક્ષોની છાયાથી કંટાળી ગયા હોય છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ જીંદગીનો મુખ્ય હેતુ શોધે છે તેઓ અધ્યાત્મ તરફ વળે છે. જેઓની તત્ત્વ બુદ્ધિ થઇ હોય છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓની સાધ્ય લક્ષ્ય બુદ્ધિ થઇ હોય છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓની વૈરાગ્ય પરિણતિ થઇ હોય છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓને સ્થૂળ જડ પદાર્થોમાં સુખ જણાતું નથી તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓના હૃદયમાં અનુભવ દશા પ્રકટી હોય છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓને કર્મનું અને આત્માનું ભેદ જ્ઞાન વડે સ્વરૂપ સમજાયું હોય છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ ક્રોધ માન માયા અને લોભનો નાશ કરવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ જગતના જીવોનું ભલું કરવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ પંચ મહાવ્રતની આરાધના કરવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ દયાનું તત્ત્વ ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ જગતને નિર્દોષી બનાવવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ પોતાનું ખરૂં સ્વરૂપ અવબોધવા પ્રયત્ન કરે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ તત્ત્વોનું રહસ્ય સમજવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ શાન્તિ ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ ગમન કરે છે. જેઓ સમાન ભાવ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ ધર્મનાં ગુપ્ત તત્ત્વો જાણવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જેઓ મોક્ષ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેઓ અધ્યાત્મ માર્ગ તરફ વળે છે. જે મનુષ્યો અધ્યાત્મ માર્ગ તરફ વળે છે તેઓ પોતાના આત્મા સમાન અન્ય આત્માઓને માનતા હોવાથી તેઓનાથી વસ્તુતઃ કોઇ જીવનું અશુભ થઇ શકતું નથી. જે મનુષ્યો અધ્યાત્મ માર્ગ તરફ વળે છે તેઓ કર્મનાં બીજો બાળે છે અને આત્મ સૃષ્ટિમાં પ્રવેશ કરે છે. ભસવું અને આટો ફાકવો એ બે કાર્ય જેમ કૂતરાથી એકી વખતે થતાં નથી તેમ રાગદ્વેષને વધારવો અને મુનિ માર્ગના અધ્યાત્મ માર્ગમાં સ્થિર રહેવું એ બે કાર્ય

એકી વખતે થઇ શકતાં નથી. અધ્યાત્મ અને મોહ એ બન્નેને મેળ આવતો નથી.

મારૂં સારૂં થાઓ, મારા આત્મામાં સુખ પ્રગટો એવી ઇચ્છાવાળા મનુષ્યોએ મનમાં થતી અશુભવાસનાઓના સામે થવું જોઇએ. મનમાં ઉત્પન્ન થનાર કષાયના પરિણામને જીતવો જોઇએ. મનુષ્યોએ હળવે હળવે મનને આત્મા તરફ વાળવું જોઇએ. ક્ષણે ક્ષણે મનમાં થનાર પરિણામ તરફ ઉપયોગ ધારવો જોઇએ. કર્મના શુભાશુભ વિપાકનું સ્વરૂપ અવબોધવાથી સહેજે આ સંસાર તરફ થતી મનની પ્રવૃત્તિ અટકે છે. અજ્ઞાન દશામાં બાહ્ય દુનિયાદારીની ઠીલચાલોમાં રસ પડે છે અને પશ્ચાત્ અધ્યાત્મ દશામાં આન્તરિક-ગુણોની પ્રાપ્તિ માટે રસ પડે છે. આત્માના ગુણ ઉપર પ્રેમ પ્રકટવા માંડયો એટલે મનુષ્યોએ સમજવું કે હવે અમારી દશા બદલાઇ છે અને અમો આત્માના માર્ગ તરફ વળ્યા છીએ. જે વખતે પોતાના શુદ્ધ સ્વરૂપ તરફ વળવામાં આવે છે તે વખતે આત્માની પરિણતિ માં-ઘણો ફેરફાર થઇ જાય છે. સોયને દોરો પરોવવામાં આવ્યા બાદ સોય કચરામાં પડી જાય છે તોપણ તે જડે છે તે પ્રમાણે અધ્યાત્મ તત્ત્વનું સ્વરૂપ સ્પર્શ્યા પછી કદી કર્મનું જોર વધી જાય છે તોપણ પાછું મોક્ષ માર્ગ તરફ વળી શકાય છે અને પોતાના શુદ્ધ ધર્મની આરાધના કરી શકાય છે.

---

# " विचारसामर्थ्य अने तेनी शरीर तथा तंदुरस्ती उपर थती असर. "

(લેખક. ચુનીલાલ મુલચંદ કાપડીઆ. એમ, એ, બી. એસ. સી. ખંભાત.)

એવું કહેવાય છે કે શરીર એ મનનો ચાકર છે. શેઠ જેવો હુકમ આપે તે પ્રમાણે કરવાને ચાકર બંધાયલો છે. સેવ્ય સેવક પાસે સદ્ કાર્ય કરાવે છે અને અસદ્ કાર્ય પણ કરાવી શકે. આપણી ધારણા હો વા ન હો પરંતુ આપણા મનની અંદર જેવી વિચારની ક્રિયાઓ પ્રવર્તે છે તદનુસાર શરીર પણ પોતાનું વર્તન ચલાવે છે. આ તો એક સાધારણ અનુભવની વાત છે કે માણસના મુખારવિંદ ઉપરથી તેના મનની સ્થિતિનું અનુમાન નીકળી શકે છે. જે મનુષ્યો દુનિયાના અનુભવમાં પરિપકવ હોય છે, જનસ્વભાવનો વિસ્તૃત અભ્યાસ કરેલો હોય છે, તથા જેઓની અવલોકનશક્તિ અતિ તિક્ષ્ણ અને બારીક હોય છે તે મનુષ્યો સામા માણસની મુખાકૃતિ ઉપરથી તત્ક્ષણ તેના મનમાં કેવા વિચારો રમી રહેલા હોય છે તે કહી આપે છે. સંસર્ગમાં આવતા મનુષ્યે સ્વજીવન કેવા વિચારોમાં વહન કર્યું છે તથા તેની ટેવો સ્તુતિપાત્ર કે નિન્દવા યોગ્ય છે વિગેરે બાબતોની માહિતી તેનું મુખારવિંદ પૂરી પાડે છે.

કુદરતથી વિરૂદ્ધ, ગેર કાયદેસર, અને મનુષ્યસ્વભાવને અણગમતા એવા વિચારો જે મનુષ્યના મનમાં ઉંડાં મુળ ઘાલે છે તે મનુષ્યની દેહ ત્વરાથી રોગાવિષ્ટ થઇને નાશ તરફ દોડતી દેખાય છે. પ્રસન્નતા, પરમાર્થ અને સાહિત્યમાં જેણે સાત્વિક વિચારો કરેલા છે એવા વિચારયુક્ત માણસનું શરીર યૌવન અને ચારૂતાથી ભરપુર ભાસે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે જેવા વિચારો તેવું શરીર, જેવી મનની સ્થિતિ તેવી મુખાકૃતિ અને જેવી

તમારી મનની ક્રિયાઓ તેવી તમારી લોકપ્રિયતા. જેમ તમારા સંજોગો તમારા વિચારોને અવલંબીને રહેલ છે તેમ તમારા રોગો અને તંદુરસ્તી પણ તમારા વિચારોને આધારી છે. જો એક માણસ અમુક લાઇન પકડીને કે અમુક ધંધામાં પડીને ફતેહમંદીના અને આનંદના વિચારોમાં વ્યાપ્ત રહે છે તેને અવશ્યમેવ વહેલો મોડો વિજય મળ્યા વગર રહેતો નથી. મનુષ્યને સ્વાત્મબળની આવશ્યકતા છે. સ્વાત્મબળની પ્રાબલ્યતાથી જો માણસ શુભ વિચારોને ખીલવીને પોતાનો ધંધો ચલાવે તો તેનો ધંધો ખીલ્યા વગર રહેતો નથી. જો તમો રોગના વિચારો કર્યા કરશો તો રોગ જરૂર તમને પકડીને પોતાના દાસ કરી મૂકશે. પરંતુ તંદુરસ્તીના, બળના અને શક્તિના વિચારોનો પ્રવાહ ચાલતો હશે, તો તમારૂં શરીર આનંદમય, આરોગ્યતાથી ખીલેલું અને પ્રવૃત્તિમય થાય એમાં કંઇ સંદેહ રહેતો નથી. મનુષ્યનું મન માંદુ હોય છે તો તેની પ્રકૃતિ પણ માંદી હોય છે. જો મનમાં પ્રવૃત્તિ અને શક્તિ અર્થે એવા વિચારો ચાલતા ન હોય તો તેની દેહ પણ પ્રવૃત્તિરહિત અને શક્તિહીણ થઇ જાય છે. ગોળીબહાર કરવાથી માણસો જેમ જલદીથી મૃત્યુશરણ થાય છે તેમ ભયંકરતા, ભિતિ, મુશ્કેલીઓ ઇત્યાદિ વિચારો જો મનુષ્યના મનમાં ઘર ઘાલે છે તો તે માણસ ત્વરાથી મૃત્યુનું આવાહન કરે છે એમ સમજવું. જે વ્યક્તિ અમુક રોગના ભય વિચાર અહોનિશ રાખે છે તેજ તે રોગનો ભોગ થઇ પડે છે. એ તો સાદા અનુભવથી વાત છે કે જે માણસો પ્લેગવાળા શખ્સો સમીપ રહીને તે રોગની ભિતિ રાખે છે તે શખ્સ ઉપર પ્લેગ વગરવિલંબે પોતાનું સામ્રાજ્ય ચલાવ્યા વગર રહેતો નથી. મન પવિત્ર રાખીને નિડરતાનો આશ્રય લઇને દર્દીની સારવાર કરવામાં આવે છે તો પ્લેગ કંઈ અસર કરી શકતો નથી. ચિંતા પણ મનુષ્યશરીરને ભસ્મીભૂત કરે છે. કાર્યમાં અનિયમિતતા, મન ઉપર દાબની ગેરહાજરી, સદ્ પ્રવૃત્તિમાં મનની સંકોચવૃત્તિ વગેરે ચિંતાના ફળો છે. અપવિત્ર વિચારો નિરંતર ચાલતા હોય ને કદાચ શરીરદ્વારા તેનો અમલ ન થતો હોય તોપણ તેવા વિચારો જ્ઞાનતંતુઓને નિર્બળ બનાવી દઇને સમગ્ર શરીરને અને મુખ્યત્વે કરીને મુખારવિંદને તેજરહિત અને અણગમતું બનાવે છે.

સ્વકાર્યપરાયણતા, જીવનોન્નતિ, અને અખિલ વિશ્વના સુખના વિચારો સૌંદર્ય અને શક્તિ આપી શરીરને સુદ્રઢ બનાવે છે. શરીર એક નાજૂક અને જેના ઉપર ઝટ અસર થાય એવું યંત્ર હોવાને લઇને જેવો વિચારોનો પ્રવાહ તેવી અસર થાય છે. અમુક પ્રકારના વિચારો લાંબા સમય સુધી જો માનુષિક મનમાં જડ ઘાલી બેસે છે તો તે પોતાની શુભ અથવા અશુભ અસર શરીરના જુદા જુદા અવયવો ઉપર કર્યા વગર રહેતા નથી.

જ્યાં સુધી અમુક વ્યક્તિ અપવિત્ર વિચારોનો આશ્રય લે છે ત્યાં સુધી તેનું હૃદય અને શરીર અપવિત્રતાના પરમાણુઓ ફેલાવે છે, તેનું રૂધિર વિષમય હોય છે, અને તેના સખુનોને જનસમુદાય વંચનાયુક્ત અને હાનિકર વિલોકે છે. સ્વચ્છ હૃદય ધારણ કરેલું હોય છે તો જીંદગી પવિત્ર વ્યતીત થાય છે, પવિત્ર જીવન ગાળનાર મનુષ્યનું શરીર પણ શોભનીય, મનોરંજક તથા આકર્ષક હોય છે.

માણસ જે કોઇ પણ કાર્ય આદરે છે તેનું મૂળ કારણ તેના વિચાર છે. અર્થાત્ વિચાર અને ક્રિયાને કારણ કાર્યનો સંબંધ છે. જો આપણે વિચારને પવિત્ર બનાવશું તો આપણી આસપાસનો સર્વ પ્રદેશ પવિત્રતા ધારણ કરશે.

અત્રે એક સામાન્ય દ્રષ્ટાંત આપીને વિચારોની સત્તા કેટલી છે તે સમજાવવું અપ્રાસંગિક નહિ લેખાય. કેટલીક વખતે રોગાવિષ્ટ માણુસો દૈનિક આહારમાં ફેરફાર કરે છે પરંતુ પોતાના મનમાં રમી રહેલા વિચારોમાં ફેરફાર કર્યા વગર એવી આશા બાંધે છે કે ફક્ત ખોરાકના ફેરફારથી તાત્કાલિક અસર થઇ રોગ વિનષ્ટ થશે. આ માન્યતા કેટલા પ્રમાણુમાં ભૂલભરેલી અને ઉંધે માર્ગે દોરનારી છે તે અનેક દાખલાઓનું અવલોકન કરવાથી આપણને સ્હેજે માલમ પડી આવે છે. આહાર અને સ્થાનમાં ગમે તેવા મહાન ફેરફારો કરો, રોગીને માથેરાન, મહાબળેશ્વર કે દાર્જીલીંગજેવા આરોગ્ય હવાવાળા સ્થળમાં લઈ જાઓ પરંતુ જો દર્દીનું મન રોગ અને નિરાશાના વિચારોથી ઘેરાયલું હશે તો તે સ્થાને રોગીના શરીર અને તંદુરસ્તી ઉપર કંઇ અસર નિપજાવી શકાશે નહિ. ખોરાક અને સ્થાનનો ફેરફાર કંઇ અસર ઉપજાવે એવું ઇચ્છતા હો તો રોગીના મનના વિચારોનો પ્રવાહ બદલાય એવી વ્યવસ્થા કરો. નિરાશા અને રોગના વિચારોને નિર્મૂળ કાઢી નાંખીને આશા, આરોગ્ય, આનંદ અને એવા સુદ્રઢ સદ્‌વિચારો તેના મનમાં દાખલ થવા દ્યો કે તરતજ અસરકારક રીત્યા તેનું શરીર આરોગ્ય તરફ વળતું જશે. અત્રે આપણા જૈન બંધુઓએ ધડો લેવાનો છે કે જો રોગીનો રોગ ટાળવો હોયતો તેનું મન આશાયુક્ત અને પ્રસન્ન રહે એવો પ્રયત્ન પ્રત્યેક ક્ષણે થાય એવો પ્રબંધ કરવો. પવિત્ર વિચારોની સત્તા એટલી બધી છે કે મનુષ્ય તેના આધારે પવિત્ર ટેવો શીખે છે. સામાન્ય વ્યવહારમાં પડીને માણુસ જો પવિત્ર વિચારોનો પરિત્યાગ નથી કરતો, તો તેનામાં નિયમિતતા, પ્રમાણિકપણું, ચાલાકી, પ્રવૃત્તિમય સ્વભાવ, વિશ્વસનીયતા ઇત્યાદિ સદ્‌ગુણો ટેવરૂપે પરિણુમે છે.

ચાલુ જમાનામાં જંતુઓ—ચર્મચક્ષુથી ન દેખાય એવા જંતુઓ દરેક રોગના કારણુભૂત મનાયા છે. વિધવિધ રોગના લઇ જનારા જુદા જુદા જંતુઓ છે. જે મનુષ્યના શરીરમાં આ જંતુઓ પ્રવેશ કરે છે તે માણુસ રોગનો ભોગ થઇ પડે છે. આવી વસ્તુસ્થિતિ છે છતાં જો મનુષ્ય શુભ વિચારોમાં જીવન વહન કરે છે તો તેને આવા જંતુઓથી ભય રાખવાનો રહેતો નથી. પવિત્ર વિચારોની પ્રબળતા શરીરઉપર એટલી બધી રહે છે કે જંતુઓ તે શરીર ઉપર હુમલો કરવાને માટે વિજયવાન નિવડી શકતા નથી. શરીરનું સંરક્ષણ કરી, તેને જાળવવું હોય તો પ્રથમ મનની સંભાળ રાખી, તેમાં ચાલતી વિચારની ક્રિયાઓ ઉપર સંયમ રાખતાં શીખવું જોઇએ છીએ. શરીર યૌવનમય, ચાલાક અને શક્તિમય બનાવવું હોયતો તેવા વિચારોને મનમાં દાખલ કરી, સદૈવ પોષણુ આપતા રહેવું.

આપણા શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, માન, અને માયાને કષાયો તરીકે લેખવામાં આવ્યા છે. જેટલા પ્રમાણુમાં કષાયો મનમાં રહેઠાણુ કરે છે, તેટલાજ પ્રમાણુમાં મન-કિંકર અધોગતિને પામે છે અને શારીરિક સૌંદર્યતા અને તંદુરસ્તીનો વિનાશ થાય છે. જગત્‌માં વ્યવહારમાં આપણે અવલોકીએ છીએ કે કેટલાક જનોના મૂખો સામા માણુસને ધીક્કાર ઉપજાવે એવા તથા જનસમાજને મનપસંદ ન આવે એવા હોય છે. શું એવા મૂખો એકદમ અચાનક સંજોગથી થાય છે ? નહિ. અપવિત્ર અશુભ વિચારોનો આશ્રય લાંબી મુદત સુધી લેવાથી તેની દ્રશ્ય અસર તેના મુખાર્વિંદ ઉપર જણાઇ આવે છે.

જે વ્યક્તિ મનુષ્યનાં મ્હોડાં વાંચતા શીખે છે તે વ્યકિત, મૌર્ખ્ય અને વિષયોત્પાદક કાર્યો થયેલાં હોય તથા અભિમાનના આવેશો આવેલા હોય એવી જીંદગીવાળા મનુષ્યને

ખાસ પારખી કહાડે છે. મતિમંદો, વિષયના સેવકો તથા ઉદ્ધત પુરૂષો જે જનના પરિચયમાં આવે છે તે જન તેમના ઉપર અવિશ્વાસ લાવી, તેમનો ત્યાગ કરવા લલચાય છે. જગતમાં અમુક માણસો વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે છતાં તેમનું મુખ નાની વયની વ્યક્તિના જેવું ચળકતું અને નાજુક ભાસે છે. બીજી બાજુ કેટલાક અર્ધ વયે પહોંચેલા હોય છે છતાં તેમનું મુખ વિકારથી ભરપુર અને વર્જ્ય હોય છે. પ્રથમ પંક્તિના જનોનું ચારિત્ર્ય શુદ્ધ હોય છે. સ્વભાવ ખુશ અથવા આહ્લાદજનક હોય છે. વિષય અને અસંતોષના સેવનથી તેના પરિણામરૂપે બીજી પંક્તિના જનો વ્યવહારમાં અવલોકાય છે.

જ્યાં સુધી આપણા ગૃહમાં તથા ગૃહના દરેક વિભાગમાં નિરોગી હવા તથા પ્રકાશને પ્રવેશવા દઇએ નહિ ત્યાં સુધી મનોહર સુખાકારી ઘરની આશા વ્યર્થ છે. તેમજ જ્યાં સુધી આપણા મનની અંદર ગંભીરતા, શાંતિ, સ્વસ્થતા, અને સમતોલપણાના વિચારોને અવકાશ આપીએ નહિ ત્યાં સુધી સુદ્રઢ, તેજોમય, સુખી અને ગંભીર દેખાવવાળા શરીરની પ્રાપ્તિ આકાશપુષ્પવત્ છે.

વૃદ્ધ મનુષ્યના મુખઉપર જે કરચલીઓ નીહાળીએ છીએ તે તેની સદ્‌ગુણ અને દુર્ગુણની પ્રતિમારૂપ હોય છે. કોઇક કરચલી તેનો દયામય સ્વભાવ પ્રકટ કરે છે, કોઇક તેના પવિત્ર વિચારોને પ્રકટ કરે છે, તો કોઇક તેના કષાયોનું ભાન કરાવે છે. મતલબ એ છે કે જેવા સદ્‌ગુણો અને દુર્ગુણોમાં જીંદગી વ્યતીત કરી હોય છે તેવા સદ્‌ગુણ તથા દુર્ગુણ દર્શક કરચલીઓ માણસ ઉત્તરાવસ્થામાં પોતાના મુખઉપર ધારણ કરે છે. જે વ્યક્તિ જીવનપર્યંત સત્યતા, પ્રમાણિકતા તથા પરમાર્થનો સેવક હોય છે તે વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં શાંતિ, સ્વસ્થતા, અને સમાનશીલતાનો દેખાવ આપે છે.

શરીરના નાના પ્રકારના રોગોને મારી હઠાવવા હોય તથા ભયંકર રોગોને પણ જો શનૈઃ શનૈઃ કાબુમાં લેવા હોય તો તમારે શુભ,આશાજનક સ્વાત્મબળના વિચારોના આશ્રિત બનવું. શુભ વિચાર અતિ તીવ્ર અસર ઉપજાવનાર વૈદ્ય તથા દાકતર છે. ઇર્ષ્યા, દ્વેષ, ઢોંગ, શંકાશીળ સ્વભાવ માણસને સ્વહસ્તે કારાગૃહ લાવી આપે છે. કષાયમય અને વિષયોત્પાદક કર્મોથી માણસ ધીક્કારવા યોગ્ય તથા જનસમાજને ત્યાજ્ય થાય છે, આવા મનુષ્યને જીંદગીમાં એકલાં રહેવું પડે છે, અને જીંદગી અકારી તથા કારાગૃહરૂપ લાગે છે.

મનુષ્યના મનને એક ઉદ્યાનની ઉપમા આપી છે. એક બુદ્ધિશાળી માળી બગીચાને ખેડીને, લોકોને ઉપભોગ કરવા લાયક, મનોરંજક તથા કુદરતની ચારૂતાનો સારો ખ્યાલ આપી શકે એવો બનાવી શકે અગર એના એજ બગીચાને એક મુર્ખ માળી જંગલરૂપ બનાવી શકે. મનના સંબંધમાં પણ તેમજ સમજવાનું છે. જો માણસ કેળવાયલો, નિતિવાન તથા ધર્મિષ્ટ હોય તો સ્વમનને સારી રીતે ખેડી આ લોકમાં તથા પરલોકમાં પોતાને સહાભૂત બનાવી શકે, નહિતર તેજ મન વગર ખેડાયેલા જંગલની ગરજ સારે. અત્ર એક મુદ્દો ખાસ યાદ રાખવાનો છે. ખેતર જો બેદરકારીનો ભોગ થાય તોપણ તેમાં કંઇક ઉગ્યા વગર રહેશે નહિ. બાગમાં ઉપયોગી બીજની વાવણી કરવામાં નહિ આવે તો બીન ઉપયોગી નિરર્થક અસંખ્ય છોડવાઓ તથા વૃક્ષો ઉગી નીકળશે અને તે સ્થિતિ બેદરકારીના સમય સુધી ચાલુ રહેશે. માનુષિક મનમાં પણ જો સદ્વિચારોનો પ્રવેશ કરવામાં ન આવે

તો દુર્વિચારોનો ઉદ્દ્ભવ એટલા બધા પ્રમાણુમાં થાય કે મનુષ્ય એક જનાવરની સપાટી ઉપર આવવાની અધોગતિ પ્રાપ્ત કરે છે. ચાલાક માળી પોતાના બગીચામાં બીન ઉપયોગી છોડવાનું નીકંદન કહાડી પોતાને જોઇતાંપુષ્પો અને ફળોની વાવણી કરે છે તેમ માણુસ પણ પોતાના મનના સંબંધમાં એમ કરી શકે. અસદ્, અપુનિત, અને અશુભ વિચારોને હાંકી કહાડી માણુસ પોતના મનમાં શુભ અને પૂનિત વિચારોરૂપ પુષ્પો અને ફળોની વાવણી કરી શકે.

મનની ઉપયોગિતા વિષે જૈન તેમજ હિંદુશાસ્ત્રમાં ખુબ ભાર મુકવામાં આવ્યો છે. મન એજ આપણુને આલોકમાં તથા પરલોકમાં સુખ પ્રાપ્ત કરાવે છે. મન એજ આપણુને આ જીંદગીમાં નરકનો ભાર આપે છે. એટલાજ માટે કહ્યું છે કે **मनः एव मनुष्याणां कारण सुख दुःखयोः** મન એ માણુસનું સુખ દુઃખનું કારણ છે આ નીતિ વાકયનો જનસમુદાય જે રૂપ અર્થ કરે છે તે કેટલો ભૂલભરેલો છે તે આપણે હવે જોઇએ. આ સૂત્રનો અર્થ લોકો એવો કરે છે કે પ્રાપ્ત કરેલી અમુક વસ્તુને જો સારી હોય તો તેને નરસી માની લેવી અથવા મનપસંદ ન હોય તો તેને મનપસંદ માની લેવી એ આપણા હાથમાં છે અર્થાત્ માન્યતા એજ માનનો વિષય છે. આ માનવું ભૂલભરેલું છે, સત્યાર્થ એ છે કે મનની પ્રાબલ્યતાથી સદ્વિચારોનો પ્રવાહ વહેવડાવી આપણે આપણી નબળી સ્થિતિને પણ સુધારી શકીયે. સારા સંજોગો હોય તોપણ અશુભ વિચારોનો આશ્રય લેવાથી તથા અસદ્ કાર્યો કરવાથી સારા સંજોગોને ખરાબના રૂપમાં ફેરવી શકીયે.

સંક્ષેપમાં આટલું કહી ઉપસંહારમાં આપણે એજ ભાવના ભાવીએ કે સર્વ જીવ તરફ સમદ્રષ્ટિ રાખી, આનંદદાયક સ્વભાવ રાખવો. આવા નિઃસ્વાર્થી વિચારો મોક્ષમાં લઇ જનારા દુતોનું કામ કરશે. દરેક પ્રાણી તરફ શાંતિના આશીર્વાદો ક્ષણે ક્ષણે મોકલવા. ઇર્ષ્યા, દ્વેષ, ઢોંગ અને માખણીયો સ્વભાવ આ દુર્ગુણો આપણા સમાજમાં, એટલા બધા પ્રમાણુમાં પ્રચારને પામ્યા છે કે કોઇ પણ વિચારકને વિચારવું સહેલું પડે છે કે જૈન સમાજમાં, સુવિચારણા નષ્ટપ્રાય થઇ ગઇ છે એમ કથવામાં ભાગ્યેજ અતિશયોકિત જણાશે. સદ્વિચારો આપણી સમાજના ચારે અંગોને અધુના દુર્લભ થઇ પડયા હોય એવી વસ્તુસ્થિતિ છે. પ્રથમકર્તવ્ય પ્રત્યેક જૈનભાઇનું એ છે કે સદ્વિચારોનું અવલંબન લઇ, શુભ વિચારોને મનમાં પ્રવેશ કરાવી તેનાં મીઠાં ફળો ચાખવા પ્રયત્નશીળ થવું.

---

" ટેવ પાડો " જો કોઈ પણ સારી ટેવ પડી ગઈ હોય તો તેને જરા પણ વિસરો નહિ, કેમકે શુભ ટેવ ઉપર ઉપેક્ષા રાખશો તો એકાદ અશુભ ટેવ દાખલ થવા પામશે, માટે આત્માને આત્મસ્વરૂપમય થવાની શુભ ટેવ પાડો; બૂરી ટેવોને હડાવી કાઢો—દેશવટો દો. તમારૂં અનુકરણ બીજાઓ કરવા દોરાય તેવી ટેવ પાડો, તમો તેથી અમર થશો; (જ્ઞાનીઓ થયા તેમ. )

* * * *

" વખત ન ગુમાવો " એક ક્ષણ સમય પણ ઉપયોગવીના એળે ન ગુમાવો. ઘડી પછે શું થશે તે કોણ જાણે છે. પ્રભુ મહાવીર તેજ કહી ગયા છે કે " ક્ષણ પણ પ્રમાદ ન કરો" મનને જરા પણ જંપ નથી માટે તેને જો પ્રમાદવશે રઝળતું મુકશો તો. તમારી આત્મ રીદ્ધિને ધુળમાં મેળવશે.

# सद्बोध सूचक प्रस्ताविक दोहरा.

### "કુદરતના એ ખેલ."

(લખનાર—શાહ. નારણજી અમરસી. વઢવાણશહેર,)

નભ મંડળ દીપાવતો, શશી કરે છે શેલ;
તેને જઇ રાહુ નડે, કુદરતના એ ખેલ. ૧
વેર ઝેર સાથે મળ્યાં, મૂકાયાં મૂશ્કેલ;
સ્પૃહા શિર સહુને જડી, કુદરતના એ ખેલ. ૨
હરિફ એક બીજા તણા, કદી ન મૂકે મેલ;
કારણ વિના લડી મરે, કુદરતના એ ખેલ. ૩
ચંદ્ર ચાલને આશ્રુરે, વધતી ઘટતી રેલ;
ભરતી ઓટ થયા કરે, કુદરતના એ ખેલ. ૪
ઓળ તણી ભમરી બને, રંક બને છે છેલ;
તરણાનો મેરૂ બને, કુરતના એ ખેલ. ૫
મધુકર મોહી કમળમાં, પ્રેમે કરવા સેલ;
કાળ તણે ફાંસે પડે, કુદરતના એ ખેલ. ૬
ફુદું જઈ દીવે પડે, ખાંતે કરતું ખેલ;
ચુંબક ખેંચે લોહને, કુદરતના એ ખેલ. ૭
રાતદીન રોજો રળે, ભાર ઉપાડે બેલ;
વેઠ બધી ફુટી પડે, કુદરતના એ ખેલ. ૮
એક ગુરૂના ચેલકા, સાથે જે શીખેલ;
સમ સ્થિતિ નવ ભોગવે, કુદરતના એ ખેલ. ૯
જન્મ્યું તે મરે ખરૂં, કો અમર નહી રહેલ;
એળે બેળે સાંપડે કુદરતના એ ખેલ. ૧૦
ઉંદર વેર બીલી તણું, પરા પૂર્વ નિમેલ;
હરેક શીર રદ્ હોય છે, કુદરતના એ ખેલ. ૧૧
સમર્થ સિંહ અજાડિએ, કરતો રૂડા ગેલ;
પીંજર ફાંસે જઇ પડે, કુદરતના એ ખેલ. ૧૨
છપન ઉપર ભેર પડે, હાથી હોદ્દે શેલ;
રાંક થઇને આથડે, કુદરતના એ ખેલ. ૧૩
રાજચિન્હ માથે ધરે, ભૂપ ઘેર જન્મેલ;
વેળાએ દુઃખ પામતા કુદરતના એ ખેલ. ૧૪
મળે તંઇ સર્વે મળે, જોતાં સાધન શેલ;
વેળાએ કેળાં થશે, કુદરતના એ ખેલ. ૧૫
એક દિન ભોંય પથારિએ, આપે આળોટેલ;
સેજ પલંગે પોઢતા, કુદરતના એ ખેલ. ૧૬
ઘેર ઘેર જઇ આથડે, મેળવવાને હેલ;
શ્રીપતી થઇને શોભતા, કુદરતના એ ખેલ. ૧૭
ગુણી જન ગુણ ગાવતાં, બંદી જન ઉભેલ;
અનાથ થઇને આથડે. કુદરતના એ ખેલ. ૧૮
**નારણજી** નેહે કહે, એકે નહીં આંકેલ;
મરણશરણ સહુએ થશે, કુદરતના એ ખેલ. ૧૯

# जैनसूरियो विगेरेनुं सत्तरमी सदीथी आरंभीने ऐतिहासिक वृत्तान्त.

( અનુસંધાન ગતાંક પાને ૭૨ થી. )

**( લેખક—મુનિ બુદ્ધિસાગર. )**

શ્રી વિજયસેન સૂરિએ ખંભાત બંદરના અકબરપુરમાં ચારસેં સાધુના અને આઠ ઉપાધ્યાયના પરિવારથી પધાર્યાં હતા અને ત્યાંજ તેમનું સ્વર્ગગમન થયું.

શ્રી વિજયસેન સૂરિની પાટે દેવસૂર અને અણસુર એ બે પક્ષ થયા. શ્રી વિજય દેવસૂરિના પક્ષમાં રહ્યા તે દેવસૂર ગણાયા અને શ્રી વિજયાનંદ સૂરિના પક્ષમાં રહ્યા તે અણુસુર ગણાયા. ગૂજરાત વગેરે દેશોમાં દેવસૂર અને અણસુરના ભિન્ન ભિન્ન ઉપાશ્રયે દેખવામાં આવે છે.

શ્રી દીપવિજય કવિ બહાદૂર પટ્ટાવલીના રાસમાં દેવસૂર અને અણસુર એ પક્ષ પડવાનું કારણ નીચે પ્રમાણે બતાવે છે.

શ્રી વિજયસેન સૂરિના વખતમાં ધર્મસાગરજી ઉપાધ્યાયે કુમતિ કુદ્દાલ નામનો ગ્રન્થ બનાવ્યો. ઘણા પંડિતની સમ્મતિપૂર્વક શ્રી વિજયસેન સૂરિએ તે ગ્રન્થને અપ્રમાણિક ઠરાવ્યો અને તેમને ગચ્છ બહાર કર્યા. શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાયના શ્રી વિજયદેવસૂરિ ભાણેજ થતા હતા અને શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય તેમના મામા થતા હતા. શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાયે શ્રી વિજયદેવ સૂરિ ઉપર પત્ર લખ્યો તેના ઉત્તરમાં શ્રી વિજયદેવ સૂરિએ શ્રી ધર્મસાગરજીને લખી જણાવ્યું કે તમે કોઇ જાતની ફીકર કરશો નહિ. ગુરૂ નિર્વાણ પામ્યા પશ્ચાત્ તમને ગચ્છમાં લેઇશું, એ પત્ર લેઇને કાસદ આવ્યો અને તેણે તે પત્ર ભૂલથી શ્રી વિજયસેન સૂરિના હાથમાં આપ્યો. જે ભાવી ભાવ બનવાનું હોય છે તે કોટી ઉપાય કરતાં પણ ટળતું નથી. તે કાગળ વાંચીને શ્રી વિજયસેન સૂરિના મનમાં લાગી આવ્યું અને એ વિનીત સૂરિ નથી માટે મારી—આજ્ઞા પ્રમાણે ચાલશે નહીં તો અન્યસૂરિ પાટ ઉપર સ્થાપીશ. આઠ ઉપાધ્યાયોને બોલાવીને કહ્યું કે એકવાર વિજયદેવસૂરિ પાસે જશો અને જો તે મારૂ વચન પ્રમાણ કરે તો અન્ય આચાર્ય થાપશો નહિ અને તે મારૂં વચન ન માને તો હું સૂરિમંત્ર સંઘની સાખે સોંપું છું તે વડે અન્ય આચાર્ય થાપશો એમ કહ્યા બાદ શ્રી વિજયસેન સૂરિ સ્વર્ગે પધાર્યા. આઠ વાચકો અમદાવાદમાં શ્રી વિજયદેવસૂરિ પાસે આવ્યા, શ્રી વિજયદેવ સૂરિની પાસે ધર્મસાગરજી ઉપાધ્યાય બેઠા હતા. શ્રી સેનગુરૂની સર્વ હકીકત તેઓએ શ્રી વિજયદેવ સૂરિને કહી પણ શ્રી વિજયદેવસૂરિએ તેઓનું વચન માન્યું નહિ તેથી તે આઠ ઉપાધ્યાયોએ શ્રી વિજય તિલક સૂરિને શ્રી વિજયસેન સૂરિની પાટપર સ્થાપન કર્યા. અલ્પાયુષ્યના યોગથી વિજયતિલકસૂરિએ ત્રણ વર્ષ જીવીને સ્વર્ગગમન કર્યું તેથી તેમની પાટ ઉપર વિજય આણંદસૂરિને થાપ્યા. અમદાવાદમાં વિજયાનંદ સૂરિને મળવા માટે શ્રી વિજયદેવ સૂરિ પધાર્યા. બે સૂરિ ભેગા થયા. બેના નામે નવદેશમાં પટો લખાય એવી વ્યવસ્થા થઇ. એ વ્યવસ્થા ત્રણ વર્ષ ચાલી. ભાવી ભાવનાયોગે શ્રી વિજયદેવસૂરિએ ચોથા વર્ષે પોતાનાજ નામનો પટો મુનિયોને માટે લખ્યો તેથી આનંદસૂરિએ પણ જુદો પટો લખ્યો તેથી બે સૂરિના

નામથી બે ગચ્છ જુદા પડયા. પણ આચરણાની સર્વ એકજ રીત હતી.

શ્રી વિજયદેવ સૂરિએ તપાગચ્છને સારી રીતે સાચવ્યો. શ્રી ધર્મસાગરજીના કારણે બે આચાર્ય થયા એમ ઉપરનો લેખ વાંચતાં જ્ઞાન થાય છે. શ્રી વિજયદાન સૂરિ, શ્રી હીરવિજય સૂરિ, શ્રી વિજયસેન સૂરિ અને શ્રી વિજય દેવસૂરિ એ ચાર આચાર્યોને દેખનાર અને તેમના સમયમાં વિદ્યમાન શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય હતા. શ્રી હીરવિજય સૂરિને આચાર્ય પદવી અપાવવામાં તેમની ખાસ પ્રેરણા હતી એમ પાદરાના ભંડારમાં તેમના સંબંધી લખેલ પત્રથી સિદ્ધ થાય છે. શ્રી વિજયદેવ સૂરિના સમયમાં ઘણા વિદ્વાનો હતા. શ્રી વિજય દેવસૂરિએ પચ્ચીશ ઉપાધ્યાયો બનાવ્યા હતા. ત્રણુશેને પાંચને પન્યાસ પદવી આપી હતી. બાકીના સાધુઓ તો તેમના હજારોની સંખ્યામાં હશે એમ અનુમાન થાય છે.

શ્રી વિજયદેવસૂરિની સ્વાધ્યાય કે જેના રચનાર શ્રી વિજયપ્રભ સૂરિ રાજ્યમાં કૃપાવિજયના સુશિષ્ય મેઘવિજય હતા. તેમાં શ્રી વિજય દેવસૂરિનું સં. ૧૭૧૨ માં સ્વર્ગગમન લખ્યું છે પણ બીજી પ્રતોમાં સં. ૧૭૧૩ ની સાલ લખી છે અને તે આજ સુધી અમને પ્રમાણિક સાલ લાગે છે. પાઠક વિનીતવિજય અને પાઠક શાંતિવિજય વગેરે ઉપાધ્યાયો તથા શ્રી વિજયપ્રભસૂરિ વગેરે શ્રી વિજયદેવસૂરિના સ્વર્ગગમન વખતે સાથે હતા એમ વિજયદેવ સૂરિ સ્વાધ્યાયથી નિશ્ચય થાય છે.

સાગરગચ્છ, અણસૂર, દેવસૂર, વગેરે ગચ્છોના સાધુઓ તે વખતે હજારોની સંખ્યાના પ્રમાણમાં હતા—

શ્રી વિજયાનંદસૂરિ મારવાડ દેશના વરોહ ગામમાં જન્મ્યા હતા. તેમનું સંસારી નામ કલો હતું. સોમવિજય ઉપાધ્યાયના શિષ્ય કમલવિજય તરીકે દીક્ષા આપીને તેમનું નામ રાખવામાં આવ્યું. સંવત્ ૧૬૪૨ની સાલમાં તેમનો જન્મ થયો અને સં. ૧૬૫૧માં તેમણે દીક્ષા અંગીકાર કરી. સં. ૧૬૭૦ની સાલમાં તેમને પંડિત પદ આપવામાં આવ્યું અને સં. ૧૭૮૬ની સાલમાં શ્રી વિજયતિલક સૂરિએ શીરોહીમાં વિજયાનંદ સૂરિ એ નામની આચાર્ય પદવી આપી. મારવાડથી દક્ષિણ દેશસુધી તેમનો વિહાર થયો હતો. તેમણે પોતાની પાટે શ્રી વિજય રાજ સૂરિને સ્થાપ્યા. દશઉપાધ્યાયો કર્યા. સેંકડો સાધુઓને પન્યાસ કર્યા. ઘણી યાત્રાઓ કરી. સૂરિ મંત્રની આરાધના કરી. તેઓ મરણકાળ નજીક થયો ત્યારે ખંભાત નગરમાં પધાર્યા. સકલ જીવોની રાશિને ખમાવીને તે સં. ૧૭૧૧ આષાઢ સુદી પુનમના દીવસે નિર્વાણપદ પામ્યા.

સત્તરસેંની સાલમાં યતિઓની શિથીલતા અમુક આકારે અને અમુક અંશે વધવા લાગી.

**ક્રિયોદ્ધારક શ્રી સત્યવિજય પન્યાસ.**

મુનિવરોમાં ઇર્ષાએ પોતાનું સામ્રાજ્ય પ્રવર્તાવ્યું. ગચ્છ કદાગ્રહથી પરસ્પર કલેશ કરવા લાગ્યા. આવા વખતે કેટલાક જૈનોની રૂચિ હઠવા લાગી અને સ્થાનકવાસી સાધુઓ ફાવવા લાગ્યા. આ વખતે ઉત્તમ વૈરાગી ત્યાગી મુનિવરની જરૂર હતી. શ્રી વિજયસિંહ સૂરિના અન્તેવાસી શ્રી સત્યવિજયજીએ પીત વસ્ત્ર ધારણ કરીને ક્રિયોદ્ધાર કર્યો. આણંદવિમલ સૂરિ વગેરે પૂર્વના આચાર્યોએ ક્રિયોદ્ધાર કર્યા હતા પણ શ્વેતવસ્ત્ર બદલ્યાં નહોતાં અને શ્રી સત્ય વિજયજીએ પીતવસ્ત્ર કર્યાં તેમાં શું કારણ હશે તેનો વિચાર કરવાની

જરૂર છે. તેમણે પીતવસ્ત્ર ધારણ કર્યાં તે વખતે સર્વ યતિઓ અને સૂરિઓએ પીત વસ્ત્રને પ્રમાણભૂત ગણ્યાં કે કેમ ? તે આદિ શંકાઓના ઉત્તરો લેવા હોયતો ગીતાર્થ સાધુઓને પૃચ્છા કરવી અને સમાધાન કરીલેવું. સંવેગપક્ષને શોભાવનારાશ્રી સત્યવિજયજી પન્યાસે અનેક ગામ અને શહેરોમાં વિહાર કરીને સાધુનો ખરો માર્ગ બતાવ્યો-તેઓ શ્રી શ્રીવિજય સિંહ સૂરિની આજ્ઞામાં હતા અને તેમને શ્રી વિજયપ્રભસૂરિએ ૧૭૨૯ની સાલમાં પન્યાસપદવી આપી તેથી માલુમ પડે છે કે શ્રી વિજયસિંહ સૂરિના નિર્વાણ બાદ તેઓ શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞામાં હતા. શ્રી વિજય પ્રભસૂરિના નિર્વાણ બાદ તેઓ શ્રીવિજય રત્ન સૂરિની આજ્ઞામાં હતા-હાલમાં કેટલાક સંઘાડાના સાધુઓ પોતાના શિષ્યને દીક્ષા આપતી વખતે આચાર્ય શ્રી વિજયસિંહ સૂરિ અને શ્રી સકલચંદ ઉપાધ્યાય એ બેનાં નામ કહ્યા બાદ વર્તમાન કાલના ગુરૂનું નામ કથે છે તેનું વાસ્તવિક શું કારણ છે તે બરાબર સમજાતું નથી-શ્રી સત્યવિજય પન્યાસ પછી થનાર સંવેગી સાધુઓએ અમુક સૂરિના રાજ્યમાં અમુક ગ્રન્થ, પૂજાદિ વગેરે દેખવામાં આવે છે માટે શ્રી વિજયસિંહ સૂરિ વગેરેનાં દીક્ષા વખતે નામ દેવાં એમાં કાંઇ પ્રમાણ જણાતું નથી. હાલમાં સાંભળવા પ્રમાણે-આત્મારામજી મહારાજના સંઘાડામાં વર્તમાન કાલના આચાર્ય અને ઉપાધ્યાયનું નામ દેવામાં આવે છે.

તપાગચ્છના કયા આચાર્યના સમયમાં પ્રાયઃ કયા કયા સંવેગી સાધુઓ થયા.

શ્રી વિજયસિંહસૂરિ<br>
શ્રી વિજયપ્રભસૂરિ } શ્રી સત્યવિજયપન્યાસ.

શ્રી વિજયરત્નસૂરિ—શ્રી કર્પૂરવિજયપન્યાસ.

શ્રી ક્ષમાવિજયસૂરિ—પન્યાસ ક્ષમાવિજયજી.

શ્રી વિજયદયાસૂરિ—પં. જિનવિજયજી.

શ્રી વિજયધર્મસૂરિ—પં. ઉત્તમવિજયજી.

શ્રી વિજય જિનેન્દ્રસૂરિ—પં. પદ્મવિજયજી.

શ્રી. પં. રૂપવિજયજી.

પ્રાયઃ સાંભળવા પ્રમાણે શ્રી રૂપવિજય પન્યાસસુધી સંવેગી સાધુઓ શ્રીપૂજ્યોને માન આપતા હતા અને તેઓને સૂરિની આજ્ઞા પ્રમાણે કેટલાક કાર્યો કરવાં પડતાં હતાં. સંવેગી પંન્યાસ સાધુઓ વગેરેનાં નિર્મલ ચારિત્ર દેખીને જૈનો શ્રીપૂજ્ય અને યતિયો તરફથી તેમની શિથીલતાના યોગે ભાવઘટવા લાગ્યા અને સંવેગી સાધુઓ તરફ પૂજ્યભાવ વધવા લાગ્યો. ઓગણીસમા સૈકાનો ઉત્તર ભાગ અને એકવીશમા સૈકાનો પૂર્વભાગમાં યતિઓ અને શ્રીપૂજ્યોનું જોર પડી ભાગ્યું, અને સંવેગી સાધુઓની વિજયધ્વજા સ્વતંત્રપણે ફરકવા લાગી ઓગણીસમા સૈકાના ઉત્તર ભાગમાં અને વીશમા સૈકાના પૂર્વભાગમાં ગુર્જરદેશમાં સંવેગી સાધુઓની સ્વતંત્રતાનો આદ્ય વિજયવાવટો ઉડાવનાર શ્રીનેમસાગરજી મહારાજ થયા શ્રીનેમ સાગરજી જોધપુરના ઉત્તમ વ્રતધારી શ્રાવક હતા. તેમણે અમદાવાદમાં સાગરગચ્છના ઉપાશ્રયમાં રહેનાર સાધુના જેવા આચાર પાળનાર શ્રી મયાસાગરજીને ગુરૂ તરીકે કરીને તેમને સંવેગ પક્ષમાં લેઇને પરિગ્રહ ધારી શ્રીપૂજ્યોની આજ્ઞાને દેશવટો દીધો અને આગમોના આધારે સાધુઓ અને સૂરિનાં લક્ષણો-આચારો બતાવવા લાગ્યા. તેમના સત્ય ઉપદેશથી જૈનોની રાજધાની જેવા અમદાવાદમાં ઘણા શ્રાવકો સાધુઓના ખરા આચાર સમજવા લાગ્યા. શાંતિદાસ શેઠના કુટુંબી શેઠ સુરજમલ અને શેઠાણી રૂખમણીએ શ્રી નેમસાગરજી મહારાજને

ગુરૂતરીકે સ્વીકારીને સત્યોપદેશ આપવામાં સહાય કરી અને શ્રીનેમસાગરજી મહારાજને ગામોગામ સત્ય ઉપદેશ આપવામાં સહાય કરી. શ્રીનેમસાગરજીની ઉત્કૃષ્ટ ક્રિયા વડે શ્રાવકોની શ્રદ્ધા તેમના તરફ વધવા લાગી. સાગર શાખાતરીકે ઓગણીશમા સૈકાના ઉત્તર ભાગમાં ક્રિયા ઉદ્ધાર કરનાર શ્રી નેમસાગરજી મહારાજ ગણાયા. તેમણે સં. ૧૯૧૩ની સાલમાં સખી ગામમાં સ્વર્ગગમન કર્યું. સંવેગી સાધુઓને શ્રીનેમસાગરજી મહારાજની ઘણી સહાય મળી. ખરેખર જ્યારે શિથીલતા વધે છે ત્યારે કોઇ ઉત્તમ પુરૂષ પ્રકટી નીકળે છે અને તે જૈનધર્મનું રક્ષણ કરે છે.

---

# स्त्री केळवणीनी अगत्य.

( લેખક.—માસ્તર. ભોગીલાલ મગનલાલ શાહ. ગોધાવી. )

## (૧) આપણી સ્થિતિ અને સ્ત્રી કેળવણીની અગત્ય.

આપણે સ્ત્રી કેળવણીની બાબતમાં બહુ પછાત છીએ. જ્યાં સુધી આપણે કન્યાઓને સારી કેળવણી આપી શકયા નથી ત્યાં સુધી સુખી ગૃહસંસારનાં દર્શનથી આપણે દૂર જ છીએ. આ વિષય સંબંધે આપણા જૈન ભાઇઓએ દ્રષ્ટિ ફેરવવાની ખાસ અગત્ય છે. બાળ કેળવણીનો મુખ્ય આધાર સ્ત્રી કેળવણી ઉપર રહે છે. બાળકો શરૂઆતના ચાર કે પાંચ વર્ષ સુધી ઘર આગળ સ્ત્રીઓના સહવાસમાં હરે છે ફરે છે તેથી તે સમયમાં તેમના મનપર માતાના વિચારોનું પ્રતિબિંબ પડે છે. માતાના વિચારની ઉપજાવેલી સારી વા નરસી અસર દીર્ઘ કાળ પર્યંત રહે છે અને તે અસરને નિર્મૂળ થતાં ઘણો સમય લાગે છે એટલુંજ નહિ પણ કોઇ પ્રસંગે તો તે સંયોગોના પ્રમાણમાં અંત સુધી રહે છે. જો માતા સુધરેલી હોય છે તો શરૂઆતના આ વર્ષોમાં બાળકોનું ચારિત્ર્ય એવું ઉત્તમ ઘડે છે અને એવા ઉત્તમ સંસ્કારો પાડે છે કે તેથી બાળકનું જીવન ઉત્તમ બને છે.

## (૨) બાળ કેળવણી આપવામાં સ્ત્રીઓની યોગ્યતા.

સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતે મૃદુતા, કોમલતા, પ્રેમાળપણું આદિ સહૃદયતાના ગુણો વિશેષ અંશે રહેલા છે. આથી બાળવયના ઉછરતા બાળકોનાં મન તેઓ જલદી હરી શકે છે, અને તેઓનાં મનપર સારા વા નરસા સંસ્કારોની ઉંડી અસર ઉપજાવી શકે છે. નાનાં બાળકોને પુરૂષ શિક્ષકના હાથ નીચે મૂકવા કરતાં સહૃદય સ્ત્રી શિક્ષકોના હાથ નીચે મૂકવાથી અત્યંત લાભ થાય છે. આપણા દેશમાં આ પદ્ધતિ જો શરૂ કરવામાં આવે તો બેશક ઘણો લાભ થઇ શકે ! પરંતુ પ્રશ્ન માત્ર ઉત્તમ સ્ત્રી શિક્ષકોની તંગીનો છે. શરૂઆતનાં ધોરણો ઉત્તમ સ્ત્રી શિક્ષકોના હાથમાં મૂકવાથી નિ:સંદેહ ઘણોલાભ થઇ શકે ! પુરૂષ શિક્ષકોનો બાળકો પર પ્રેમ, તેમની રમત ગમત, હાવભાવ, જીજ્ઞાસા, આદિમાં તેઓની સહાનુભૂતિ; સ્ત્રીઓના પ્રમાણમાં બહુજ ન્યૂન હોય છે. પુરૂષોનો સ્વભાવ કડક અને સખ્ત હોવાથી બાળકોની પ્રેમાળ વૃત્તિ તેમના તરફ જાગૃત થઇ શકતી નથી. બાળકોનું રમુજીહાસ્ય, મૃદુ પણ તોતલી વાણી, આસપાસના સંયોગો જોઇને તેમના મનમાં ઉત્પન્ન થતી અનેક જીજ્ઞાસા અને ઔચિત્ય, મોટી વયને પરિચિત અને શુષ્ક લાગે તેવા પરંતુ બાળવયને આનંદ આપનાર વિષયો તરફ તેની પ્રેમાળ વૃત્તિ આવિર્ભાવતો સહૃદય પુરૂષ શિક્ષકને આનંદ ઉપજાવી શકે છે અને તે વર્ગના શિક્ષકને માટે જાણે એક પ્રકારનો ઉત્તમ સ્વર્ગીય આહલાદ ઉત્પન્ન કરે છે પરંતુ બાળ સ્વભાવ પ્રતિ સહાનુભૂતિ દર્શાવવાના કાર્યમાં સ્ત્રીઓ કુદરતી રીતેજ એકંદરે વિશેષ

લાયક છે. કુદરતે તેમની લાયકાત જોઇને બાળકોને ઉછેરવાનું કાર્ય તેમને સોંપેલું છે, તો તેજ પ્રમાણે શરૂઆતના વર્ષોમાં બાળકોને કેળવવાનું કાર્ય પણ તેમને સોંપવામાં આવે તો અત્યંત લાભદાયક થઇ પડે ! સ્ત્રીઓ મીઠી વાણીથી અને મનોહર સરળ અને પ્રિય શબ્દોમાં એવી શિખામણ આપે છે કે જેની બાળકો પર ઉંડી અસર થાય છે. સુશિક્ષિત અને સંસ્કારી સ્ત્રીઓના ઉત્તમ ગુણોની અસર તેમનાં બાળકોપર જલદી થાય છે, અને બાળકોનું હૃદય ઉત્તમ અને સંસ્કારી બને છે. આથી બાળકોને ઉછેરવાનું અને તેમને સારી રીતે કેળવવાનું કાર્ય કરવાને સ્ત્રીઓને લાયક બનાવવાને એ અત્યંત જરૂરનું છે કે તેમને સારી કેળવણી આપવી જોઇએ. જો સ્ત્રીઓ સારી રીતે કેળવાય તો બાળકોને ઉછેરવામાં તેમજ તેમને કેળવવામાં પણ બહુ ઉપયોગી થઇ પડે !

## ૩ કેળવણીનો કલ્પિત અર્થ.

સ્ત્રી કેળવણીથી ઉપલબ્ધ થતો અર્થ સામાન્ય રીતે બે ચાર ચોપડીઓ ભણવામાંજ પરિસમાપ્ત થતો નથી. કેળવણીનો અર્થ વિશાળ છે. લેખન, વાંચન, ગણિતઆદિ વિષયોના સામાન્ય જ્ઞાનમાં સ્ત્રી કેળવણી પૂર્ણ થતી નથી. કેટલેક સ્થળે તો તેના કરતાં પણ વિચિત્ર માન્યતા જોવામાં આવે છે. માતૃભાષાના લેશ પણ જ્ઞાનવિના વા સ્વભાષામાં લેખન વાંચનના જ્ઞાનવિના જુદી પદ્ધતિએ સંસ્કૃત અગર માગધી લીપીના અક્ષરો ઓળખવામાં અને તેમની બારાક્ષરી પરથી સહજ વાંચન તૈયાર કરવામાં એકાદ બે વર્ષનો કાળક્ષેપ કરવામાં આવે છે ત્યારબાદ ( માતૃભાષામાં લેખન વાંચન આદિના જ્ઞાનવિના ) ઉપરોક્ત ભાષામાં લખાયેલાં–તેમના અર્થના જ્ઞાનવિના–બે પાંચ સૂત્રાદિનાં પઠન પાઠનમાંજ કેળવણી પરિસમાપ્ત થતી ધારવામાં આવે છે. કેળવણીની ઉપરોક્ત જુની અગર નવીન પદ્ધતિનેજ કેળવણી કહેવામાં આવતી હોયતો આપણે હેતુના આભાસને હેતુમાની આપણી જાતને ઠગાયેલીજ માનીશું. વાસ્તવિક કેળવણી કાંઇ હાળની પદ્ધતિએ શિખવાતાં બેચાર ધોરણોમાંજ સમાપ્ત થતી નથી. તેતો માત્ર સાધન means જ છે. તેને સાધ્ય end તરીકે માની લેવું એ મોટામાં મોટી ભૂલ છે. ઉક્તસાધન means વડે સાધ્ય વસ્તુ end જે સિદ્ધ કરવા પુરતીજ તે ઉપયોગી છે. આહેતુથી તે સાધન વડે કેળવણી શબ્દથી ફલિત થતા અર્થને સિદ્ધ કરવામાંજ આપણું લક્ષ્ય રહેવું જોઇએ !

## ૪ લેખન વાચનનો જ્ઞાનનો કરવો જોઇતો ઉપયોગ.

વાચન લેખન આદિનું જ્ઞાન, ઉત્તમ પુસ્તકોનું અધ્યયન કરવા માટે છે. તે જ્ઞાન વડે મહા પુરૂષોની વાણી જે હાલ પુસ્તક રૂપે અમર છે તેનો આ સ્વાદ લેઇ શકાય છે અને જીવનના સમ વિષમ સંયોગોમાં ચિત્તની સ્વસ્થતા, સમાનતા જાળવી શકાય છે. અધ્યયનથી પ્રાપ્ત કરેલા જ્ઞાનનાં શુદ્ધ સ્ફુરણો અને પ્રેરણાઓ જીવનભાર વહેવાનું બળ આપે છે, અને ઉક્ત શુદ્ધ સ્ફુરણને અનુકુળ વર્તન વડે જીવનનો માર્ગ સરળ ને સુગમ બને છે. આ ફલ પ્રાપ્ત થાય તોજ કેળવણી. તોજ વાસ્તવ હેતુ ફલિત થયો એમ કહેવાય. વાચન લેખનના જ્ઞાન વડે ઉત્તમ પુસ્તકોનું અધ્યયન કરવામાં આવે અને તેના દીર્ઘ સંસ્કાર વડે ચરિત્ર સંસ્કારી થાય તોજ તેને વાસ્તવ કેળવણી કહેવાય ! અને ત્યારેજ તે ધારેલું ફલ આપી શકે.

## ૫ " માનસ શાસ્ત્ર psychology પ્રમાણે કેળવણીનો ઉદ્દેશ. "

સામાન્ય રીતે માનસ શાસ્ત્રીઓ Psychologists મનપર અસર કરનાર બાહ્ય અને સામાજીક એમ બે પ્રકારની પરિ સ્થિતિ ગણે છે.

# काव्य कुंज.

૧.

## ગ્રીષ્મ ઋતુમાં એક મયૂરને સંબોધન*

પ્રચંડ તાપે અવની તપેલી, [૧]મનુષ્ય હીના અખિલા બનેલી;
ધુલી ઉડી અંધ બનાવી દેતી; ચરાચરે લુ અતિ ઉગ્ર વાતી. ૧
[૨]ગ્રામાન્ત ભાગે હતી એક વાડી, વે'તા હતા કોસ તહીં અગાડી;
ક્યારા બધા પાણી થકી ભર્યા'તા, પક્ષી પશુ [૩]અન્તરમાં ઠર્યા'તા. ૨
સમીપ ઉભી હતી એક બાલિકા, ઉરાડવાને શુક [૪]ક્ષેત્ર માલિકા:
[૫]દૃષ્ટિ પડેલી હતી અન્ય બાજુમાં, યુવાન ઉભેલ હતો સમીપ જ્યાં. ૩
[૬]અત્રાન્તરે એક મયુર આવ્યો, [૭]તૃષાર્ત્તિ તૃષ્ણાજ છિપાવવાને;
શાન્તિ અને ભીતિ થકી પીતો'તો, પાણી રહ્યું જે હતું [૮]આલ વાલે, ૪
કન્યાએ તેહને જોયો, હોંકારો સત્વરે કર્યો; બિચારો મોરતો તર્ષાને, તર્ષો બીકથી ગયો.૫
મયૂર તુને અહીંથી ઉરાડ્યો, એ બાલિકાએ તુજને ડરાવ્યો;
ભલે અહીં તે તુજને ઉરાડે, ન કોઇ આવે [૯]મરણાન્ત આડે. ૬
"ઇશે તુંને મિષ્ટ [૧૦]સલિલ આપ્યું, "ત્હારૂં અને તેનું સમાન સ્થાપ્યું;
"અન્યાય તેમાં કયમ તું કરે છે, [૧૧]સ્વહસ્તથી પાપ ઉરે ભરે છે. ૭
"બાપુ ! ! તું એને શિદને ઉરાડે, નસીબમાં એ નહિ ભાગ પાડે;
હતે ન જો વાડી હતે ન પાણી, તો શીદને આવત કોઇ [૧૨]શાણી. ૮
આશાની જ્યાં તૃમી જરા દિસે છે, સમગ્ર જીવો [૧૩]પંથ તે ધસે છે;
જે કાયદો ઇશ્વરથી થયો છે, પ્રાણી તણા અંતરમાં ઠર્યો છે. ૯

**મગનલાલ ભાઇશંકર.**

શાસ્ત્રી વર્નાકયુલર કોલેજ. **વડોદરા.**

**સુચના:**—આ કવિતા અન્ય દર્શનીની બનાવેલી છે. માટે તેમાં "**ઇશે તુંને મિષ્ટ સલિલ આપ્યું**" અને "**જે કાયદો** ઇશ્વરથી થયો છે" એ લેખકની માન્યતા પ્રમાણે છે. જૈનધર્મની માન્યતા પ્રમાણે તે સિદ્ધાંત સત્ય નથી માટે જૈનોએ કાવ્યમાંથી વિવેકથી સત્ય સાર ગ્રહણ કરવો.

* આ કાવ્ય ઉનાળાની મોસમમાં એક અજ્ઞાન બાળાએ તર્ષા મોરને ઉરાડી મુકેલો તે ઉપરથી સ્ફુરણ થવાથી લખાયું છે.

**લી. મ. ભા. શાસ્ત્રી.**

૧ માણસ વગરની. ૨ ગામની નજીક. ૩ હૃદયમાં. ૪ ખેતરની ધણીઆણી. અથવા ખેતરની હાર. ૫ નજર. ૬ આ અરસામાં. ૭ તરસથી પીડાતો. ૮ ક્યારો. ૯ મરણના અવસાન કાળે. ૧૦ પાણી. ૧૧ પોતાના હાથથી. ૧૨ શાણી શબ્દ સહજ અન્યોક્તિદર્શક અત્ર છે. ૧૩ રસ્તો

## સદ્ગુરૂ.

૨.

સદગુરૂ કરો શાણારે, ઊમંગ આણી.
અનંગનો ભંગ કરી, અંગ રંગ દુર કરી;
અંતરે નિશ્ચય ધરી રે, ઊમંગ આણી૦ ૧
ધરમ મરમ જામે, ગરમ શરમ પામે;
નરમજ દુઃખ વામેરે, ઊમંગ આણી૦ ૨
દિવ્ય જ્ઞાન, નિત્ય ભાન, માન, માં, ન અપમાન,
અહં બ્રહ્મ ઑંકાર તાનરે, ઊમંગ આણી૦ ૩
દુનિયામાં હરે ફરે, શુદ્ધ કરી બોધ કરે;
વિદેહી વિષય વરેરે, ઊમંગ આણી૦ ૪
ધુળધોયા પાસે જાશે, રેતીથી કંચન થાશે;
નહીં તો પગે ઊડાશે રે, ઊમંગ આણી૦ ૫
દેહ આ કંચન તુલ્ય, તેનું મુલ્ય, આ, અમુલ્ય;
જાણીને ન કરવ ભુલ્ય રે, ઊમંગ આણી૦ ૬
મુડી કાઢવી ન પાઈ, અંતની કરી લે કમાઇ;
ફરી ન વેપાર ભાઇ રે, ઊમંગ આણી૦ ૭
વેપારે ગરજ ખરી, નાણું દેશી ખંત કરી;
રહે પુત્રાદિક ડરી રે, ઊમંગ આણી૦ ૮
ગુરૂ ખંત ન કરાવે, મન માનતું ભરાવે;
ડાહ્યો કે' ન કો ડરાવે રે, ઊમંગ આણી૦ ૯

ॐ શાંતિ.

અમરેલી. ડાહ્યાભાઇ નથુભાઇ દેશાઇ.

---

## " સજ્જન—વૃત્તિ. "

૩.

### શાર્દૂલ વિક્રીડિત.

અવ્યાબાધ અનંગ શાંતિસદને, હર્નિશ વાસો વસે,
માપાવત્ મનરીત વાક્ય વદને, ભાષે વસુધા વિષે;
આકાંક્ષા અતિ આતરે અખિલની, આપદ્ ઉવેખે અને,
એવા સજ્જન સર્વદા અવગહે, સર્વત્ર સૌખ્યોદકે. ૧
ધર્મધ્યાન—સુધાંધ ધ્રુવ ધૃતિથી, ધારી ધુવે પાપને,
દ્રષ્ટિમાંહિ દ્રવે દયા પ્રતિદિને, દારે દુરાચારને;

સમ્યક્ સાધ્યવિતવ્ય સુકૃત સદા, સાધે શુરા સાધને,
એવા સજ્જન સર્વદા અવગહે, સર્વત્ર સૌખ્યોદકે. ૨
આવે ના અભિમાન અભ્યુદયમાં, દુ:ખે તથા શોચને,
લાવે ના લવ ક્રોધને નિત રહે, આનંદને આશ્રયે;
શુદ્ધાચાર સજી સદા ત્રિકરણે, પ્રેમે પ્રભુને પૂજે,
એવા સજ્જન સર્વદા અવગહે, સર્વત્ર સૌખ્યોદકે. ૩
આત્માવત્ ગણી સર્વ અન્ય જિવને, મિત્રાઇ ભાવે રમે,
તત્ત્વજ્ઞાની પરોપકારી મનવત્ સદ્ગુરૂ સંગે મુદે;
લુબ્ધાયે નવ આસરંગી વિષયે, નિશ્ચિંત ચિત્તે રહે,
એવા સજ્જન સર્વદા અવગહે, સર્વત્ર સૌખ્યોદકે. ૪

**लेखक—सं. केशवलाल नागजी.**

( सानन्द. )

---

## ચોરી નિષેધક પદ.

### ૪.

### રાગ સારંગ.

**મન માને નહિ સો ફેરા સમજાવું તોય શું થાય. એ રાગ.**

પર પ્રાણ સમાન, પર ધન હરતાં જગમાં ચોર ગણાઇએ;
દંડે દરબાર, આ ભવ પરભવ નરક તણાં દુ:ખ પાઇએ. ટેક.
ધન જાય ચોરતું ચંડાળે, તે ચોર હાથ હૈયું બાળે;
કરી પાપ જાય મરી પાતાળે. પર૦ ૧
કોઈ ચોરને નવ પાસે રાખે, ગુહ્ય વાત ન ચોર કને ભાખે,
ઘર સાંપે નહિ બગડી શાખે. પર૦ ૨
કોઇ ન લખે ચોર તણે નામે, અપજશ પામે ઠામો ઠામે;
વિશ્વાસ ન રાખે કોઇ કામે. પર૦ ૩
પડ્યું વિસર્યું અણ દીધું લેતાં, પર વસ્તુ પોતાની કહેતાં;
સૌ ચોરને ઓલંભો દેતાં. પર૦ ૪
ધન ચોર તણી પાસે ન ઠરે, પ્રાય હોય દરિદ્રી ચોર ખરે;
નવ પેટ ભરાય ભૂખેજ મરે. પર૦ ૫
પરની થાપણ નવી ઓળવીએ, પર તૃણ તુસ પણ નવગોપવીએ,
**સાંકળચંદ** સુરસુખ અનુભવીએ. પર૦ ૬

---

# आपणा शरीरनुं सत्यानाश वाळवी केटलीक बदीओ.

( રા. રા. સાકરચંદ માણેકચંદ ધડીઆળી. મુ. મુંબઈ. )

આપણી કોમ હાલમાં એક એવા વાતાવરણમાંથી પસાર થાય છે કે જેના પરિણામ વિષે વિચાર કરતાં સમર્થ પુરૂષોના મન પણ ખિન્ન થાય છે અને તેનું પરિણામ શું આવશે તેનો કાંઇ પણ ખ્યાલ તેઓ કરી શકતા નથી. હાલમાં જન્મ પામેલા સાંસારિક, આર્થિક, નૈતિક અને ધાર્મિક સવાલો એવા તો ગંભિર છે કે જેનો નિર્ણય કરવામાં આવશે નહિ તો હાલમાં આપણી જે સ્થિતિ છે તે કરતાં પણ વધુ ખરાબ સ્થિતિ થશે અને તેમાંથી બચવા માટે આપણને મોટી મુશ્કેલી નડશે કે જે ન્યાત જાત કોમ અને દેશના સમર્થ માણસો આવી ગંભીર સ્થિતિ થાય તે વખતે પણ આળસ, મદ, માન, અને સ્વાર્થનો ત્યાગ કરતા નથી. તેઓ સર્વે પોતાની ન્યાત જાત, કોમ અને દેશનો દ્રોહ કરે છે એમ જો કોઇ કહે તો તે ખોટું નથી અને તે માટે ભવિષ્યની પ્રજા આપણને શ્રાપ આપશે. તે છતાં સાંસારિક, આર્થિક, નૈતિક અને ધાર્મિક સવાલો ઉપર હાલમાં જે પ્રકારનો ઉહાપોહ થાય છે તે ખચીત આવકારદાયક છે, અને મોડે વેહલે પણ તેનું સારૂં પરિણામજ આવશે એવી આપણે આશા રાખીશું.

પણ જે સવાલઉપર હું આજે આપણી કોમનું ધ્યાન ખેંચવા માગું છું તે એવો છે કે તે ઉપર તેનું ધ્યાન, મારી જાણ પ્રમાણે કદી પણ ખેંચવામાં આવ્યું નથી અને જો કદાચ કોઇએ ખેંચ્યું હોય તો તે ઘણા નરમ પ્રમાણમાં. કોન્ફરન્સને લગતી બાબતો ઉપર, બાળલગ્ન, વહેમી ચાલો, વેપાર ઉદ્યોગ અધ્યાત્મ જ્ઞાન વગેરે બાબતોઉપર તેમજ ચાલુ ચર્ચાતા સવાલો ઉપર ઘણાક લેખકોએ પોતાની કલમ કશી છે પણ જે સર્વનો પાયો પોતાના દેહની શુદ્ધિ ઉપર છે તે ઉપર તેઓનું ધ્યાન ખેંચાયુ નથી તેમજ ખેંચવામાં આવ્યું નથી એમ માનીને હું તે બાબત ઉપર "બુદ્ધિપ્રભા"ના વાંચકોનું ધ્યાન ખેંચું છું.

તે બાબત તે "આહાર શુદ્ધિ" અને "દેહશુદ્ધિ તેની છે. સુધારા વધારામાં આગળ વધતા આ જમાનામાં આપણી કોમનો એક ઘણો મોટો ભાગ—અને ખાસ કરીને સુરત, મુંબઈ, અમદાવાદ, વગેરે શહેરોમાં રહેતો મોટો ભાગ એક એવા રસ્તાપર દોરાતો જાય છે કે જે તેમને આચાર વિચારમાં ભ્રષ્ટ કરતો જાય છે અને તેમની કાયાને બળહિણ અને શક્તિ હિણ કરતો જાય છે.

હોટેલો—ચાહ, કાફી, અને જુદી જુદી જાતની ખોરાકી આપીને લોકોને બગાડવાનાં સાધન ઉત્પન્ન કરનાર ઘરો—એ બાબતમાં મુખ્ય ભાગ ભજવે છે, અને કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હશે કે એ ઘરો માણસોને શક્તિહીણ અને આચારભ્રષ્ટ કરવામાં મુખ્ય ભાગ ભજવતાં હશે.

મુંબઇ, અમદાવાદ, સુરત, ભાવનગર વગેરે શેહેરોના કેટલાક ભાગોમાં હાલમાં ઉપર જણાવ્યા પ્રમાણેના ઘરો મોટી યા નાની સંખ્યામાં—ઓછા વધતા પ્રમાણમાં છે, એની તો કોઇથી ના પડાય એમ નથી, તેમાં આપણા ભાઇઓનો મોટો ભાગ દિવસ અને રાત્રિના કોઇ પણ વખતે જઇ ચાહ, સોડા આઈસક્રિમ જીંજર, પતરવેલીયાં, ભજીઆં, મસાલાનું દુધ

વગેરે મંગાવી આનંદથી; દોસ્તો અને મિત્રો સાથે ખાય છે એ પણ જાણીતી વાત છે, વળી કેટલીક સ્ત્રીઓ પણ એ હોટેલોનો લાભ, છાની રીતે લે છે, એ ઘણા થોડાજ જાણતા હશે. આરસના ટેબલો; ખુરશીઓ, રકાબીઓ, કાચના જરમન સીલવરના પ્યાલાઓ, ગ્લાસો અને મોહક છબીઓ વગેરેથી શુશોભીત દેખાતાં આ ઘરોમાં ભૂખને ટાળનારી, તૃષાને છીપાવનારી અને જેઓને જમવાનું સાધન નહિ હોય તેઓને ખોરાક આપીને દરેક સ્વાદ પૂરા પાડનારી વસ્તુઓ વેચવામાં આવે છે અને તેમાં ઉપર ઉપરથી જોનારને કાંઇ પણ ખોટું નહિ દેખાશે પણ જેઓ ઉંડાણમાં ઉતરશે તેઓને તેમાં મોટો બગાડ માલમ પડયા વગર નહિ રહે.

આરસ પહાણનાં ટેબલોઉપર ગોઠવાતાં વાસણોનો જો વિચાર કરવામાં આવશે તો તરત સમજાશે કે તેઓ રોગોના જંતુઓનો ફેલાવો કરનાર મોટાં સાધન છે. એ વાસણને જ્યારે સાફ કરવાનાં હોય છે ત્યારે તેઓને પાણીથી ભરેલા વાસણોમાં ઝબોળીને બહાર કાઢવામાં આવે છે અને તરતજ તેમાં જે ચાહા, દુધ, કે કાંઇ ખાવાનું હોય છે તે મુકાય છે. જે પાણીમાં એ વાસણો ઝબોળાય છે તે અનેક માણસોથી વપરાયલા વાસણો ધોવા માટે પણ અગાઉ વપરાયલું હોય છે અને કદાચ જ સ્વચ્છ હોય છે. એક માણસ એક વાસણમાં જમ્યા બાદ તે વાસણ તેમાં તરત નાખીને કાઢી લેવામાં આવે છે અને સ્વચ્છ પાણીનો ઉપયોગ ચોવીસ કલાકમાં ભાગ્યેજ એક બે વખત થાય છે. પરિણામે એક માણસે વાપરેલા વાસણો બીજા માણસના વપરાસમાં આવતાં તે અનેક પ્રકારના રોગી જંતુઓને પોતાના પેટમાં નાંખે છે અને પોતે રોગી બને છે. હોટેલો વીસીઓ વીગેરેમાં આવી ક્રિયા દરરોજ થતી રહે છે. આરોગ્યભુવનો વગેરે આ રીતે અનેક પ્રકારના રોગો ફેલાવે છે અને જેઓ બાહ્મણો, વાણીઆઓ, અને ઉંચ ગણાતી વર્ણોનાજ માત્ર નહિ અડકવાના, એંઠે વાપરેલા વાસણો નહિ વાપરવાના, એંઠે પીધેલું પાણી નહિ પીવાના જુના વિચારના મનુષ્યોના નિયમોને ધીક્કારે છે તેઓ અજાણતાં પોતાના શરીરમાં મોટા રોગો દાખલ કરે છે. વધુ દુઃખ લખુ તો એ છે કે પાશ્ચાત્ય વિદ્વાનો પણ જ્યારે એંઠે વાપરેલી ચીજો તદન સ્વચ્છ કર્યા વગર બીજાને માટે વાપરવાને ના પાડે છે અને તે માટે ડીસઇન્ફેક્સનનો ઉપાય સુચવે છે, ત્યારે સુધારા વધારામાં આગળ વધી ગયલા ગણાવા માંગતા આપણા હોટેલદાસો ખરા સુધારાથી દૂર થઇ દેશમાં અનેક અનર્થો દાખલ કરે છે.

" ડીસઇન્ફેક્શન " વિષે મરકીના દાખલા થવા પછી ઘણાઓ જાણીતા થયા હોવાથી તે સંબંધમાં વધુ કહેવાની જરૂર નથી રહેતી. મરકી જે ભાગમાં ફેલાઇ હોય તે ભાગનો ઉતારૂ દરિયા કે જમીન માર્ગે બીજા દેશમાં જતાં તેનો સામાન શાસ્ત્રીય રીતીએ ધોવામાં આવે છે તે એક પ્રકારનું " ડીસઇન્ફેક્શન " છે, જ્યારે અન્ય મનુષ્યે વપરાયલા વાસણો બરાબર માજીને અથવા ચુલામાં તપાવીને સાફ કરવા એ એક સાદા પ્રકારનું " ડીસઇન્ફેકસન " છે. પશ્ચમના સુધારાઓ યોગ્ય હોય તે દાખલ કરવામાં કાંઇપણ હાની નથી અને હોટેલો, વિસીઓ ભોજનગૃહો વગેરે પણ પશ્ચિમના દેશોનું કેટલાક પ્રકારે અનુકરણ માત્ર છે તે યોગ્ય હોય તો દાખલ કરવામાં કાંઇ પણ અડચણ નથી પણ આપણે શું કરીએ છીએ ? વિલાયતના હોટેલો અને અત્રે મુખ્ય ગણાતાં અને અંગ્રેજી ઢબ ઉપર ચાલતાં હોટેલોના કારોબારની તપાસ કરવામાં આવશે તો તેઓમાં " સ્વચ્છતા " મુખ્ય કરીને જોવામાં આવશે. આપણી હોટેલો તેથી ઉલટીજ ઢબની છે. અંધારા, પવન વગરના, તાપમાં તપાવી

નાખનારા ઓરડાઓમાં મસોતા જેવાં કપડાં પહેરીને પસીનેથી ટપકતાં, દરાજ, ખુજલી ફોલ્લા અને એવાજ બીજા રોગોથી પીડાતા નાના પગારે કામ કરતા ગંદી રીત ભાત વાળા રસોઇઆઓ જે ખોરાક આપણે હોંશે હોંશે સ્વાદ લઇ ખાઇએ છીએ તે બનાવે છે અને તે ચીજોમાં મસાલા ભરપૂર હોવાથી તેમાં કીડી કંથવા, કાંકરા કે જીવજંત હોય છે કે નહિ તે તપાસવાની કનવાર કદાચ જ કોઇ કરે છે. સ્ટ્રોંગ ચાહ, સ્ટ્રોંગ કૉફી, ઉનાં ઉનાં ભજીઆં, પુરી અને બટાકાનું શાક, કેસરીઓ શીખંડ અને મેંદાની બનેલી સ્વાદદાર કચોરીઓ આજ રીતે આપણા સેંકડો બંધુઓ દરરોજ વાપર્યાં જાય છે, પોતાની સાથે પોતાના નાના નાના પુત્રો, બંધુઓ અને ભાઇઓને તે રસ્તે દોરતા જાય છે, અને પરિણામે તેઓને હોટેલનો એવો ચસકો પડે છે કે જે દીવસે તેનો લાભ લેવાય નહિ તે દીવસે તેઓને ખાવા પીવાનું ભાવતું નથી.

હૉટેલો, વિસીઓ અને ભોજનગૃહો ઉપર પ્રમાણે દેહની પાયમાલી કરે છે અને તેથી હાલની પ્રજા, માંદી શક્તિહીણ અને આચાર ભ્રષ્ટ થતી જાય છે, એ કોઇ પણ સમજી શકશે. વધુ દીલગીરી ભર્યું તો એ છે કે ઉછરતી પ્રજાનો મોટો ભાગ પોતાના વડીલોના પ્રતાપે કે કહેવાતી ઉંચી કેળવણીના પ્રતાપે એ માર્ગે યાહોમ આગળ વધ્યો જાય છે. શાળા, નિશાળો, હાઇસ્કુલ કે કોલેજની પાસે ઉપર જણાવેલા પ્રકારની હૉટેલો નાની યા મોટી સંખ્યામાં હોય છે જ અને તેઓ તેનો લાભ લેતાં પોતાની મનો વૃતિને કદી પણ અટકાવી શકતાં નથી. એથી આગળ વધીને કહીએ તો એજ ધરોમાં તેઓ અનેક પ્રકારની ખરાબ ટેવો—બીડી પીતાં—પાન—સોપારી ખાતાં—ગાંજો અને ભાંગ પીતાં અને અનેક ખરાબ આચરણો—ગ્રહણ કરતાં શીખે છે. ત્યાં જ અનેક પ્રકારની ખોટી બાબતોના સંકેત થાય છે. હૉટેલો જુગાર વગેરે બદી માટેના સંકેતસ્થાનો થાય છે—અને ઘણાઓની ભવિષ્યની પડતીનો પાયો ત્યાંજ નંખાય છે.

દેહશુદ્ધિમાં હૉટેલો કેટલો વિરૂદ્ધ ભાગ ભજવે છે તે બીના પર વાંચકોનું ધ્યાન ખેંચ્યા પછી એક બીજી બાબત ઉપર તેઓનું ધ્યાન ખેંચવાનું બાકી રહે છે. દુનિયા જેમ આગળ વધતી જાય છે, તેમ મોંઘવારી મોટાં પ્રમાણમાં માલમ પડતી જાય છે અને લોકોનો મોટો ભાગ એવી ફીકરમાં પડતો જાય છે કે હવે પછીની પ્રજા પોતાનો નિર્વાહ કેવી રીતે કરી શકશે ? ફેશનેબલ પોલકાં, ઉંચા પ્રકારના સેન્ટો. તેલો, નેકટાઇ, કોલરો વગેરેના ખર્ચો યાહોમ વધ્યા જાય છે અને અસલી સાદાઇને તિલાંજલી મળતી જાય છે——અરે જેઓ અસલ સાદી રીતે વર્તતા હોય છે તેઓ તરફ તીરસ્કાર અને મશ્કરી મીશ્રીત લાગણીથી જોવામાં આવે છે. મેં એવાં કુટુંબો અમદાવાદમાં રહેતાં જોયાં છે કે જેઓ વરસ દહાડે દશ હજારથી વધુ રૂપિયા સેન્ટ—સાબુ—અને અત્તરમાં વાપરે છે. જેઓ આ રીતે હજારોનો ખર્ચ કરે છે તેઓનો બીજો ખર્ચ કેવો હશે તેનો ખ્યાલ વાંચકોએ કરવાનો છે. જેઓ પોતાની બાપીકી દોલતના પ્રતાપે આવી મોજ મઝામાં હજારો રૂપિયા ઉડાવે છે તેઓને માટે આપણે કાંઇપણ બોલી શકવાની સ્થીતિમાં નથી પણ જે બીના ઉપર આપણી કોમના આગેવાનોનું ધ્યાન ખેંચવાની જરૂર છે તે એ કે આવી રીતના ખર્ચોની ઉછરતી પ્રજા ઉપર બહુજ જુદા પ્રકારની અસર થાય છે. અનુકરણ અને સોબત એ દુનિયાના મહાન્ ગુરૂઓ છે. મોટા ગણાતાઓની સોબતમાં ફરતા ગરીબ અને મધ્યમ વર્ગના માણસો

તેઓનું અનુકરણ કરતાં શીખે છે અને પોતે પણ આવી મોજ મઝાની ચીજો પાછળ કમાઇ નહિ છતાં મોટો ખર્ચ કરી પોતાના કુટુંબની પાયમાલી કરે છે. હાલનાં નાટકો, સીનેમેટો ગ્રાફો, જાદુના ખેલો, ગાયન પાર્ટીઓ વગેરે પણ આપણી પ્રજાના દેહનું સત્યાનાશ વાળે છે અને ઉછરતી પ્રજાને ખરાબ રસ્તે દોરવે છે.

હાલના જમાનામાં આપણી પ્રજાનું સત્યાનાશ વાળનારી જે કેટલીક બાબતો છે તે ઉપર બતાવવામાં આવી છે અને હવે માત્ર એક જ બાબત રહે છે તે બાબત તે અતિ આહારની છે. અતિ આહાર એટલે કે માત્ર જીભને સંતોષવા ખાતર જરૂર કરતાં વધુ અને શરીરને નુકશાન કરનારી અનેક ચીજો ખાવાની ક્રિયા. હોટેલો, વીસીઓ, મીઠાઇની દુકાનો, ગાંઠીઆ, સેવ, વગેરે વેચવાવાળાઓ, ચા, કૉફી, વગેરે આ બાબતમાં મુખ્ય ભાગ ભજવે છે, એ કારણથી સવારમાં ઉઠતાં જ ચાહ એક જરૂરીઆતની વસ્તુ ગણાય છે, અને તે સીવાય નાસ્તાની ચીજો તો ઘણી છે. ચાનો ખોરાક અને નાસ્તાના આહાર સીવાય દીવસના ઘણા કલાકો એવા જાય છે કે જ્યારે કાંઇને કાંઇ ખાવામાં આવે છે અને શરીરને બગાડવામાં આવે છે, ઉપવાસ, એકાસણાં અને બીજા તપો એ રીતે ભુલી જવામાં આવ્યા છે અને અનીયમિત ખાવાની ટેવોથી શરીર બગડતાં શક્તિહીણ થતાં આપણે નજરે ભાળીએ છીએ માટે આરોગ્ય સંરક્ષણ ઇચ્છનાર જનોએ શરીરનું સત્યાનાશ વાળતી બદીઓના નિમિત્તભુત હૉટલો વિગેરેથી વિમુખ રહેવું એવી લેખકના હૃદયની હૉટલોના શોખીનો પ્રત્યે અભ્યર્થના છે.

---

# हास्य मंजूषा.

( પાદરાકર. )

શીક્ષક—વિનું સમજ. તારા બાપ તારી માને આજ બમણું આપે ને કાલે ચાલીસ આપે તો શું થાય ?

વિનું—( તરતજ ) તેને હર્ષવાયુ થાય સાહેબ !

કારકુન—તમારા કાગળનું વજન એક તોલા અંદર છે તેને બે આનાની ટીકીટની જરૂર નથી.

ફેશનેબલ ગ્રહસ્થ—મને તે ખબર છે પણ બે આનાની ટીકીટનો રંગ મારા કવરને બંધ બેસતો આવે છે.

" કેમ ત્યારે આમનું ઘર વેચવું નથી જ કે ? "

" પ્રથમ વેચવાનો વિચાર હતો પરંતુ હમારા એજન્ટે વર્તમાનપત્રમાં આપેલી અમારા ઘરના વર્ણની સુંદર જાહેરખબર વાંચી એવું વિલક્ષણ સુંદર ઘર વેચવું નહી એમ મેં ઠરાવ્યું છે.

ડાકટર—છોકરા તારી જીભ કાઢ તો !

છોકરો—ના સાહેબ ! કાલ માસ્તર પાસે મારી જીભ કહાડી તે બદલ તેણે મને પાંચ સોટી મારી—હજી બરડો દુઃખે છે.

શીક્ષક ( ગણીતના કલાકમાં )—છોકરાઓ ! ચાર આને શેર પ્રમાણે સવાશેર દાળ, આઠઆને શેર પ્રમાણે અઢી શેર ઘી, પુણાબેઆને શેર પ્રમાણે સવા બશેર સાકર મલી શું થયું ?

એક ખડિધરો છોકરો—વેસનના લાડુ સર !

સમુદ્ર છે પણ જેમાં પાણી નથી. શહેર છે પણ જેમાં ઘર નથી. આખી પૃથ્વી છે પણ જેમાં રહેવાશી નથી એવું શું ? " નકશો ! " સર.

**અ** અને **બ** બેઉનો જન્મ એકજ મા બાપથી થયેલો છે, **અ** એ **બ** નો ભાઇ થાય છે પણ **બ** તે **અ** નો ભાઇ નથી ત્યારે **અ**ને **બ** નો શો સંબંધ થાય વારૂ ! ' ભાઇ બહેનનો સર.

ડાકટર ( એક સ્ત્રી રોગીને )—તમારી બધી જીભ બહાર કાઢો જોઉં ? હજી કાઢો—હજી વધારે—કાઢો—હાં હજી કાઢો.

સ્ત્રી—વાહ ! ડાકટર સાહેબ સ્ત્રીયોની જીભનો અંતજ નથી એમ તમો ધારો છોકે શું ?

એક ઠઠ્ઠાખોર માણસે એક હજામના નાના છોકરાને પૂછ્યું—અલ્યા તને ગધેડાની હજામત કરતાં આવડે છે કે ?

છોકરો—ના સાહેબ ! પણ આપ મારા સામે બેસો તો હું પ્રયત્ન કરૂં !

એક વખત નાના બાબુએ કોઇને ચશ્મા ઘાલીને વાંચતાં જોયેલો. તે ઉપરથી તેની ખાત્રી થઇ હતી કે ચશ્મા ઘાલ્યાં કે વાંચતાં આવડેજ ! તે ઉપરથી બાબુ ચશ્માવાળાને ત્યાં જઇ ચશ્મા માંગવા લાગ્યો. તેણે ચશ્મા આપ્યા ને બાબુએ તે ચઢાવી પાસે પડેલી બુક વાંચવા માંડી. પણ વાંચતાં આવડેના એટલે બીજો ચશ્મો ચઢાવ્યો પણ વ્યર્થ એટલે ચશ્માવાળાએ પૂછ્યું કે—અલ્યા વાંચતાં આવડે છે કે ?

છોકરે કહ્યું—વાંચતાં આવડતું નથી તેથી તો ચશ્મા લેવા આવ્યો છું.

---

# કર્તવ્યશીલતા.

( લેખક. શેઠ. જેશીંગભાઇ પ્રેમાભાઇ. કપડવણજ. )

મનુષ્ય જન્મ પામી જે મનુષ્ય જીવનની સાર્થકતા કરતો નથી તે મનુષ્યને મનુષ્ય તો કહેવાજ નહિ પણ મારૂં મન તેને પશુ પણ કહેવાને લલચાતું નથી તેથી પણ તે હલકી પદવીને લાયક છે. તે મનુષ્ય પૃથ્વીપર ખાલી ભાર વહન કરનારજ છે. મનુષ્યે પોતાનાં પ્રાપ્ત કર્તવ્ય કરવાં તેમાં કંઇ તેને વધુ કર્યું કહેવાય તેમ નથી પણ જે મનુષ્યો પોતાનાં પ્રાપ્ત કર્તવ્યો પણ બરોબર કરતા નથી તે મનુષ્ય જીવતા છે કે મુએલા તે કહેવું સમજાતું નથી.

ઉચ્ચ કર્તવ્ય કરી જીવનસાર્થકતા કરવી એ તો વધુ મોટી વાત છે પણ પ્રાપ્ત કર્તવ્ય તો પ્રથમ અવશ્યમેવ કરવાંજ જોઇએ અને તે કર્યા વિના ઉચ્ચ કર્તવ્યની દિશા તરફ ચઢાય તેમ નથી ને ઉચ્ચ ચઢવાને માટે તે પ્રથમ અવશ્યે સ્વીકારવુંજ પડે છે. હવે પ્રાપ્ત કર્તવ્ય કોને કહેવાં તે ઉપર વિચાર સ્વાભાવિક રીતે દોરાશે. મારી સમજ પ્રમાણે તો તેનો જવાબ હું ચાર અક્ષરથીજ કહીશકું કે લૌકીક સમુદાયથી જણાતાં કર્તવ્ય કે જે કરવા તરફ

અંતરની સ્હેજ પણ લાગણી ઉશ્કેરાય તેજ. ખોટું કર્તવ્ય કરતાં તો અંતર ડંખ્યાં કરે છે માટે તેવાં કર્તવ્યોને છોડી દેવાંજ જોઇએ તો હવે સાધારણ રીતે આપણને સ્હેજ રસ્તો ખુલ્લો થાય છે અને તેથી હવે આપણે આપણા રસ્તામાંજ વહીશું. પ્રથમ સર્વ કર્તવ્ય સમજવાને તેમજ બુદ્ધિ ખીલવવાને જ્ઞાનની જરૂર પડે છે, માટે જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રથમજ અગત્ય સમજાય છે અને તે જ્ઞાન એકજ પ્રકારનું મેળવવાથી ઇપ્સિતાર્થ સિદ્ધ થતો નથી. વ્યવહારમાં વ્યવહારઉપયોગી અને જીવનની ઉચ્ચતા કરવા માનસિક તેમજ આધ્યાત્મિક અને આ સર્વ ટકાવવાને માટે શારિરીક સ્થિતિ ઉત્તમ જોઇએ યાને શારીરિક સ્થિતિ કેમ સારી રહે તે બાબતનું જ્ઞાન પણ અવસ્ય લેવુંજ જોઇએ. એટલે હવે એમ નક્કી થાય છે કે મનુષ્યે વ્યવહારિક, શારીરિક, માનસિક, આધ્યાત્મિક એ ચાર પ્રકારનું જ્ઞાન મેળવવું જોઇએ જેથી બુદ્ધિ પણ ખીલે છે તેમજ કયું કરવું અને કયું ત્યજવું એ સર્વ વસ્તુ સમજાય છે અને આ સમજી મનુષ્યે ઉચ્ચ કર્તવ્ય કરવા દોરાવુંજ જોઇએ. બીજું વિચારતાં એમ માલમ પડે છે કે દરેક મનુષ્યે પોતાના નૈતિક વિષયપરત્વે લક્ષ આપવું જોઈએ. આ વિષય પર જે મનુષ્યો લક્ષ આપતા નથી તે મનુષ્યો દુનિયાના કોઇ પણ માર્ગ આગળ ચાલી શક્તા નથી. નીતિ વિનાનો મનુષ્ય પશુજીવનજ ભોગવે છે. તો હવે તરતજ સવાલ થઇ પડે છે કે નીતિ કોને કહેવી, આ બાબત ઘણીજ લંબાણથી સમજવાની અગત્યતા છે કારણ, જમાનાને જોતાં પણ અમુક કાર્ય કરવું તે નીતિમનાતી, અમુક કાર્ય ન કરવું અને તે જો કોઇ કરે તો તેની અનીતિ મનાતી. જેમાં પ્રથમ અનીતિ મનાતી તેમાં કેટલાક કર્તવ્ય હાલ લોકો કરે છે અને તેથી લોકસંસ્થામાં તેમને જો કોઇપણ જાતનો ધોકો લાગતો નથી તો તેને અનીતિ માનતા નથી પણ આ સમજવું એ ભુલભરેલું છે. કદાચ અમુક કારણને લેઇ તેમજ અમુક સંજોગોને લેઇ તેમ બને એટલે કે એવા કેટલાક મનુષ્યને ધોકો ન પહોંચે પણ સામાન્ય સ્થિતિ વિચારતાં ઘણુંજ અનિયમીત પરિણામ ઉભાં થાય તેમ છે તો હવે આપણને એમ સમજાય છે કે આ વિષયનો આધાર લોકસંસ્થાની માનીનતા ઉપર મુકાય છે. વિચારમાં વ્યક્તિના વિચાર દરેકના એક હોય તેમ સંભવતું નથી તો પછી લોકસંસ્થાની માનીનતા ખરીજ કેમ ઠરીશકે પણ એ માનવું ભુલ ભરેલું છે કારણ જે કર્તવ્ય લોકસંસ્થાઓમાં ખુનામરકી તેમજ બખેડા ઉત્પન્ન થવાનું કારણ બને તે કર્તવ્ય શું કરવા લાયક ગણી શકાશે ? નહીજ તેથી એમ સિદ્ધ થાય છે કે લોકસંસ્થામાં જે નિયમો બંધાયા છે તે આવાં કારણોને અવલંબીનેજ માટે તે નિયમો પ્રમાણે તેનાંજ કર્તવ્યને નીતિ કહી શકાશે તો હવે નીતિ અનીતિના સવાલનો ધડો આવ્યો એમ સમજાશે. જો કે કેટલાક નિયમો અમુક સંજોગોમાં અમુક કારણોને લેઈ બંધાયા હોય છે અને જમાનો બદલાતાં એટલે કે તેવા સંજોગોનો નાશ થતાં તેવા નિયમોમાં ફેરફાર થવાની જરૂર હોય છે પણ તે ફેરફાર ઉપર બહુજ લક્ષ આપવાની પણ જરૂ છે કારણ કે અમુક નિયમ બંધાઇ જાય છે અને જો તે બરાબર યુક્તિથી નથી બંધાતો તો તેનાં ફળ આપણને તેમજ ઘણાને એટલે આપણી પેઢીઓની પેઢીઓ સુધીનાં મનુષ્યને સર્વને ભોગવવાં પડે છે માટે નિયમ ફેરવતાં નવો નિયમ રચતાં ઘણુંજ લક્ષ આપવાની જરૂર છે. પરિણામનો તેમજ ભાવિષ્યનો વિચાર કરીને નિયમ ઘડાવો જોઇએ. જો કે આ વિષયપરત્વે હું મૂળ વિષયથી દૂર-

બઢી ગયો છું પણ તેટલું કહેવાની મને અગત્યતા સમજાય છે. હવે આપણે મૂળ વિષયપર ચાલીશું. નીતિ વિનાના મનુષ્યોમાં ભય આદિ દુર્ગુણોનો સમાવેશ થાય છે કારણ કર્તવ્યથી વિરૂદ્ધ કૃત્ય કરતાંજ હૃદય ડંખે છે અને તેથી તેમાંથી ભય, અનિશ્ચિંતતા, ચિંતા વિગેરેની ઉત્પત્તિ થાય છે. આવા દુર્ગુણોને જીતવાને ઉચ્ચ સ્થિતિએ જીવનને દોરવા માટે નીતિ પાલનની આવશ્યકતા છે. હવે આપણે બીજા કયા કયા ગુણોને અવલંબવા જોઇએ તે ઉપર આગળ વિચારી શું.

પ્રમાણિકપણું, ચોકસ પણું, મીતાહારીપણું, તેમજ ખંતીલો સ્વભાવ એ વિનાનાં મનુષ્યો પોતાનો વ્હવહાર ચલાવી શકતાં નથી. કદાચ જેમ તેમ ગાડુ ગબડાવે પણ જોઇએ તેવો ઉત્તમોત્તમ વ્યવહાર ચલાવી શકતા નથી. તેમજ ઉચ્ચતાને તો પ્રાપ્ત થઇ શકતાજ નથી. ઉત્તમ જીવન ગાળનારે ઉપરના ગુણોનું આવાહન કરવું જોઇએ. આની સાથે વિનયશાળી વિવેકી, મૈત્રીભાવવાળા તેમજ દયા ભાવવાળા થવાની જરૂર છે. સર્વે જીવની સાથે મૈત્રીભાવના રાખવાથી વ્યવહાર તેમજ જીવન બંન્ને ઉચ્ચ બને તેમ છે. વળી પ્રેમભાવના પણ સર્વ ઉપર રાખવી જોઇએ. સંબંધને લઇને કદાચ વધારે ઓછી રહે પણ અમુક મારો દુશ્મન છે, અમુક તો સારો નથી, એ માનવું એ તો ભુલભરેલું છે. આપણા સંસારી મનુષ્યો ઓછા અધિક સંબંધને લેઇ ઓછી અધિક લાગણીના સંબંધથી જોડાઇએ છીએ એ વાત સત્ય છે પણ દુશ્મનાવટના વિચારથી તો દુરજ રહેવું જોઇએ કારણ આપણે આગળ વધવું છે, ઉંચે ચઢવુંછે. દયા પાળવી એનો અર્થ એટલો ન કરવો કે અમુક જીવ અગર મનુષ્યને જીવનઘાતમાંથી બચાવવો એટલે બસ છે પરંતુ તેની એક પણ લાગણી ન દુભાય તેમ કરવું કારણ કે તેને દુભાવવો એ તેની જીવન ઘાત કર્યા બરોબરજ થાય છે.

વળી આપણે આપણા વર્તન સંબંધી ઘણુંજ સંભાળવાની અગત્યતા છે આપણે આપણું વર્તન જેવું રોપીએ છીએ તેવુંજ વર્તન અન્ય તરફથી આપણને મળે છે માટે આગળ વધવાની ખાતર લોક સમુહમાં આપણી આબરૂ બરાબર રાખવાની ખાતર વર્તન ઉચ્ચ રાખવું જોઇએ. કોઇની ઉપર આશા રાખવાથી કંઇપણ કાર્ય બનતું નથી. આપણે આપણીજ સત્તા ઉપર આશા રાખવાની છે, માટે આત્મભોગ જ્યાં સુધી આપીશું નહિ ત્યાં સુધી આગળ ચઢીશું નહિ એ વાતની ખાતરી રાખવી.

આપણે આટલું સુત્ર ખાસ ગોખી રાખવાની જરૂર છે કે " આપણે તો આગળ ચઢવું છે, શીખરે સ્થિતિ કરવી છે" આ મેળવવા ને માટે ઉપર કહેલા નિયમોપર ખાસ લક્ષ રાખવાની જરૂર છે અને આ સર્વને માટે ખાસ કરી **મનોનિગ્રહની અગત્યતા છે.** મનવસ્તુ એવી છે કે ગમે તેવી સારી વૃત્તિને હડસેલી કાઢે છે માટે તેને કાબુમાં રાખતાં શીખવું જોઇએ. ક્રોધાદિ દુર્ગુણોનો ત્યાગ કરવો જોઇએ. સંતોષવૃત્તિ ધારણ કરવી જોઇએ. ભય વિનાના થઇ રહેવું જોઇએ. દુનિયાં પર ભય એ વસ્તુ જ નથી એમ માનવું જોઇએ. આમાટે મહાન્ પુરૂષ **નેલસનનો** દાખલો ચીરસ્મરણીય રાખવાની જરૂર છે. **નેલસન** પોતાની છ એક વર્ષની ઉમ્મરે વર્ષાઋતુમાં નદીની ઘાંસ ઉપર એકઠો બેઠેલો હતો. તેની ઘેર બહુ ખોળથઇ–છેવટે થોડા વખત પછી પોતે ઘેર આવ્યો તે વખતે તેની દાદીમાએ તેને કહ્યું કે બેટા! તને આવા વાવાઝોડા માં અને આટલા વરસાદમાં નદીની ઘાંસપર બેસતાં બીક ન લાગી?

ત્યારે **નેલસને** જવાબ દીધો " માજી **બીક** ! I don't know what is fearmother બીક શી વસ્તુ છે તે હું જાણુતો જ નથી. આવા વિચારથી છેવટે આગળ જતાં તે એક મોટો પ્રખ્યાત યોધ્ધો થયો માટે ભય રાખવો જોઈએ નહિં તેમ ભય આવતાં તેને શાંતિથી અને ધૈર્યથી નાશ કરવો જોઇએ. આપણામાં કેટલીક અજ્ઞમાતાઓ છોકરાંને નાનપણથી " એ બં લ્લી આવી, વાઘ આવ્યો, મહેતાજી આવ્યા વિગેરે શબ્દોથી બાળકોને બીક બતાવી તેમનાં અંતઃકરણ બીકણુ ને બાયલાં કરે છે ને પરિણામે તેઓ મોટાં થતાં બીકણુને બાયલા બને છે માટે પ્રસંગવશાત્ કહેવું પડે છે કે કોઇપણ દિવસે બાળકોને એવી ખોટી ધમકી આપવી નહિ અને તેમને બીક બતાવી તેમનાં અંતઃકરણ બીકણ-બાયલાં બનાવવાં નહિં.

અપૂર્ણ.

---

# जैनगुरु कूलनी आवश्यकता.

(લેખક—આત્મન્—સાણુંદ.)

વ્હાલા બંધુઓ !

દુનિયામાં દરેક ધર્મ તરફ અવલોકન કરતાં અને દરેક ધર્મની સ્થિતિ જોતાં જૈન જેવા ઉત્તમોત્તમ ગણાતા ધર્મમાં સંખ્યા અને જ્ઞાનની ખામી જોઈ ખરેખર એક મોટો નિઃશ્વાસ મૂકવો પડે છે. ખરેખર જ્ઞાનની ખામી અને સંખ્યાનો ઘટાડો જોઇ દિલગીરી થયા વિના રહેતી નથી. એક સમય એવો હતો કે દુનિયામાં જૈન ધર્મ પાળનારાઓની સંખ્યા ચાલીસ કરોડની હતી અને લગભગ અઢીસો વર્ષ પહેલાં મહાન્ ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજના વખતમાં ચાલીસ લાખ જૈનોની સંખ્યા હતી અને હાલ માત્ર નામના જૈનો ફક્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો ત્રણ ચાર લાખના આશરે રહ્યા છીએ તેમાં પણ જ્ઞાનવાળા થોડાજ. આ સ્થિતિ જોઇ ખરેખર તે વિષે એક મોટો અગત્યનો વિચાર થાય છે. હે બંધુઓ ! આપણે જો નીખાલસ હૃદયથી બુદ્ધિપૂર્વક તેનું ખરૂં કારણ શું તે વિચારીશું તો આપણુને તરત તેને માટે એજ જવાબ મળશે કે તત્ત્વજ્ઞાનની ખામી છે. આ જમાનો જ્ઞાન અને કેળવણીનો છે પણ બેશી રહેવાનો નથી અને જ્ઞાન ફેલાવો કરવાને માટે ગુરૂકૂલની અત્યંત આવશ્યકતા છે. આ સ્થળે આપણુને સ્વાભાવિક પ્રશ્ન થશે કે ગુરૂકૂલની શી જરૂર ? તો બેશક મારે કહેવું જોઇએ કે બંધુઓ ! આપણે સમજણપૂર્વક પક્ષપાતનાં ચશ્મા ઉતારી વિચારીએ તો ગુરૂકૂલની જરૂર આપોઆપ ભાષ્યા સિવાય રહેશે નહિ. જગતમાં સૂર્ય ઉગતાં કાગડાઓ કાકા કરે છે અને મનુષ્યો આનંદિત થાય છે. તેમ દુર્જનો કાગડાની પેઠે ચાંદાં જોવા પ્રયત્ન કરે છે પણ સજ્જનો તેથી પોતાનું કાર્ય કરવાને માટે પછાતપડતા નથી ને હંસની પેઠે પોતાનું કાર્ય કર્યાં કરે છે તેમ કદાપી જો ગુરૂકુલને માટે થાય તો સજ્જનોએ પોતાના કાર્યથી પછાત પડવું ન જોઈએ ? આ સ્થળે બીજો પણ એક પ્રશ્ન થશે કે ગુરૂકૂલ એટલે શું ? તો તેનો જવાબ એ કે યોગ્ય સ્થળે જ્યાં હવા પાણી સારાં હોય ને જ્યાં સ્ત્રીજાતિનો બીલકુલ પરિચય થાય નહિ અને વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય સારી પેઠે પાળી શકે તેમજ બાળકોને પાંચ કે સાત અમુક નિયમીત વખત સુધી મૂકવામાં આવે અને જ્યાં ધાર્મિક જ્ઞાન, વ્યવહારિક, નૈતિક

માગધી, સંસ્કૃત આદિ જ્ઞાન મળતું હોય તેવી સંસ્થાને ગુરૂકૂળ કહી શકાય અને તેવી સંસ્થાની કેટલી બધી અગત્યતા છે તે આ લેખ ઉપરથી વિદિત થશે. ગુરૂકૂળોમાં રહેલા વિદ્યાર્થીઓ શરીરે મજબૂત અને કેટલા જ્ઞાન વાળા બને છે તે આર્ય સમાજના ગુરૂકુલો જોવાથી જણાઇ આવે છે. કોઇ એમ કહેશે કે પાઠશાળાઓમાં વિદ્યાર્થીઓને જ્ઞાન મળતું હોય તો પછી ગુરૂકૂલની શી જરૂર ? પરન્તુ હે બંધુઓ ! આપ વિચારો તો તરત આપ સર્વે ને જણાશે કે પાઠશાળામાં રહેલ વિદ્યાર્થીઓ બરોબર ગુરૂકૂળની માફક કેળવી શકાતાં નથી માટે ગુરૂકૂળની ઘણીજ આવશ્યક્તા છે. વ્હાલા ધર્મ પ્રિયબંધુઓ ? અંતઃકરણમાં રગેરગ ધર્મ ફેલાવવાની તિવ્ર જીજ્ઞાસા વર્તતી હોય, જો તમો શુભ કાર્યોમાં આત્મભોગ આપવા ઇચ્છતા હોય તો તમો ગુરૂકૂળ સ્થાપવાને માટે આત્મ ભોગ આપવા તત્પર થાઓ ? યથા શક્તિ તે સંબંધી બનતું કરો પ્રતિજ્ઞા કરો. આર્ય સમાજ મત કે જે વેદમાંથી નીકળેલ છે ને તેના સ્થાપક દયાનંદ સરસ્વતી છે અને જેમણે ઠેર ઠેર ગુરૂકૂળ સ્થાપી તેમજ વેદ પ્રચાર મંડળો સ્થાપી આજે તેમણે ઘણા સમાજીસ્ટ કર્યાનું સંભળાય છે તેવીજ રીતે હે બંધુઓ ? આપણે ગુરૂકૂળની સંસ્થાઓ સ્થાપી જૈન ધર્મની વિજય ધ્વજા દેશો દેશ ફરકાવવા પ્રયત્ન કરવો જોઇએ. ગુરૂકૂળ જેવી મહાન સંસ્થાઓ સ્થાપવામાં ઘણાજ સારા ફંડની જરૂરીયાત છે અને તે ફંડ એકઠું કરવા દરેક બંધુઓની ફરજ છે. જે બંધુઓ મળેલી લક્ષ્મીનો સદુપયોગ કરતા નથી તે ખરેખર ભૂલ ભરેલું છે. જમાનાને અનુસરીને જ્ઞાન માર્ગે જે લક્ષ્મીનો સદુપયોગ કરે છે. તેજ ખરેખર સદુપયોગ કર્યો કહી શકાય. જો આપણે વિવેકથી ગુરૂકુલ સંબંધી વિચાર કરીએ તો તે સંબંધી ઉત્તમોત્તમ ખ્યાલ આવ્યા શિવાય રહેશે નહિ ! સર્વ બંધુઓને આ લેખ ઉપરથી વિદિત થયું હશે કે ગુરૂકૂળની કેટલી બધી આવશ્યકતા છે. છેવટે લેખની પૂર્ણાહુતીમાં વાંચકો પ્રત્યે લેખ પ્રત્યે થયેલ ભૂલની ક્ષમા ઇચ્છી વિરમું છું.

---

# दिव्य पितृ प्रेम.

## ચાલુ વાર્તા.

( ગતાંક પૃષ્ટ ૮૪ થી ચાલુ )

શિતળચંદ્રના સફેદ બરફ જેવાં કિરણોમાં સ્નાન કરતી લલિતા, અજીતસિંહનું આવેશયુક્ત ભાષણ સાંભળીને, તથા પ્રેમવિરોધન કરનારૂં આહવું વિલક્ષણ આત્મસંયમન જોઇને ચકિતજ થઇ ઉભી, ને તેને અજીતસિંહ ઉપર વધારે પ્રિતી ઉત્પન્ન થવા લાગી. કુમારના મુખપર બિરાજમાન થયેલ વિરપણું, સાત્વિકતા, ગંભિરતા, ને પ્રેમ તથા ક્રોધનું મિશ્રણ જોઇ કુમારીને તેનાપર વિશેષ વ્હાલ છુટવા લાગ્યું પણ તેજ વખતે તેના હૃદયમાં પણ તેટલાજ આવેશમાં પિતૃભક્તિ પ્રકટવા લાગી. તેને પોતાનું હૃદય શોધન કરતાં વધુ વિલંબ થયો કારણ ગમે તેમ પણ આખરે તે એક સ્ત્રીજ હતી ને તેના હૃદયક્ષેત્રમાં અત્યારે પતિપ્રેમને પિતૃભક્તિ વચ્ચેનું મુળ સંગ્રામ મચી રહ્યું. આ રાજપુત બાલીકા છેવટે કંઇક નિર્ણયપર આવી હોય તેમ લાગતું હતું. છેવટે તે બોલી. " અજીત ! મ્હારૂં અજીતપ્રેમમય હૃદય, પિતૃપ્રેમ તરછોડી શકતું નથી. જીવન અર્પનાર, ઉછેરનાર, ને આટલા સમય

સુધી જીવન વૃક્ષને પોષણ કરનાર માયાળુ, પિતાનો અમાપ ઉપકાર વિસરી, તેનાથી કૃતઘ્ની હું થઇ શકતી નથી. મને તમારા પરના પ્રેમ કરતાં પિતૃપ્રેમ વિશેષ લાગે છે. હું ખૂલ્લું કહું છું કે જો કે આપે મ્હારૂં મન હરી લીધૂં છે તોપણ આ દેહ તો પિતૃકાર્યાર્થેજ પડશે. કદાચ યુદ્ધમાં મને તમારી સાથે લઢવાનો પ્રસંગ આવશે, અગર પિતૃ વિજય અર્થે આપનો પ્રાણ લેવાનો પણ પ્રસંગ કદાચીત્ આવશે તોપણ મ્હારૂં હૃદય બિલકુલ ડગમગનાર નથીજ પણ, હૃદયેશ ! પિતૃકાર્યની પરિસમાપ્તિ થઇ કે તુરતજ આપની દશા તેજ મ્હારી દશા ! આપ સ્વર્ગમાં તો હું પણ ત્યાંજ ! પિતૃરૂણમાં છૂટવા પછી તુરતજ પતિરૂણમાં બંધાઇશ ને તદર્થેજ પ્રાણાર્પણ કરવું ઇતિ કર્તવ્ય ગણાશી. પ્રાણ ! વધુ શું કહું ! પણ—

“ નહિં ! લલિત ! તું શૂર, ધૈર્યશીલ, યુદ્ધ કુશળ, પ્રેમાળ છો ! જા. હવે પ્રણય પ્રલાપ ન કરતાં રજપુતાણીને ઉચીત એવું કર્મ કર. જા. આકાશવાસી પિતૃદેવતાઓ ! મ્હારૂં મન ક્ષણભર વિકારવશ થઇને કર્તવ્ય પરાઙ્મુખ થયું, તે બદલ ક્ષમા કરો ! હવે ક્ષણભર પણ વિશ્રાંતિ ન લેતાં મ્હારી ફરજ અદા કરવામાંજ તન–મન–ધન સમર્પણ કરૂં છૂં ને તેજ કાર્ય હવે આરંભુ છૂં. **देहंपातयामि–वा–अर्थसाधयामि.** પ્રભુ સ્હાય કર. ”

ગંભિર નિશા કાળમાં અજીતના શબ્દો પ્રતિધ્વનીત થયા.

* * * * *

બાલસૂર્ય પોતાનું આરક્ત મુખકમળ ઉંચું કરી તેજસ્વી કિરણો વડે સ્થિરચર પદાર્થોને પ્રકાશીત કરવા લાગ્યો. પ્રાતઃકાલનો મંદમંદ પણ સુવાસિત પવન પથિકોને શિતળ કરી દેતો હતો. રાજમંદિર પર ફરકી રહેલ વિજયધ્વજા જાણે બીજાઓને આમંત્રણ કરતી હોય તેમ મદભરી માનીનીની માફક ડોલતી હતી. મીઠા સુરથી વાગી રહેલાં વાદ્યો–વાજાંઓ અને ગડગડી રહેલાં ચોઘડીયાંથી સૌના મસ્તિકો ડોલી રહ્યાં છે. આવા રમ્ય પ્રસંગે ચિતોડ નિવાસી પ્રજા–વર્ગ, અમલદારો–સામંતોને બાળવૃદ્ધ તમામ પ્રાતઃકર્મ ત્વરાથી આટોપીને રાજદરબાર તરફ જવા લાગ્યા. ફાંકડા રાજપુત સ્વારો વાંકડીયા વાળપર ટેડી પાઘડીયો ટેકવીને, તીખી તલવારો રમાડતા રમાડતા, ને પોતાના માનીતા ઘોડલાઓ નચાવતા નચાવતા જાણે પરણવાજ ન જતા હોય તેમ આનંદભેર રાજદરબાર તરફ ચાલ્યા જતા હતા. સર્વ દરબાર મંડપ ચીકાર ભરાઇ ગયો હતો. વિંટળાઈ વળેલા સામંતોના મધ્ય ભાગમાં, બહુ મુલ્ય સિંહાસનપર અમરરાય નિર્વિકાર મુદ્રાએ અધોવદન રાખીને બેઠા હતા. બેઉ બાજુએ રાજકુમાર તેજસિંહ તથા કુમારી લલિતા નાના નાના સિંહાસનપર બેઠાં હતાં. તેમનાં આતુર મુખપર ઉત્સુકતા દ્રસ્ય થતી હતી. કવચધારી, વીરયુવક સુંદર અજીતસિંહ તખ્ત નજદીકજ સાભિમાન સ્મિતભર્યે મુખડે ઉભો હતો. તેનું તે વિલક્ષણ રાજ તેજ જોઈ સર્વ સભાસદો આશ્ચર્યચકિત મુદ્રાથી તેના તરફ જોઇ રહ્યા હતા. વૃદ્ધ વૃદ્ધ વીરોને કંઇક અસ્પષ્ટ–પૂર્વસ્મૃતિ જાગ્રત થતી હતી. બધી સભામાં, અત્યારે શાંતિનું નિષ્કંટક સામ્રાજ્ય વર્તતું હતું. વૃદ્ધ રાણા અમરરાયની સચિંત મુખમુદ્રા તરફ સર્વની નજર ઠરી રહી હતી. દરબારી નિયમાનુસાર રાજાએ સર્વનો મુજરો સ્વિકાર્યો, ને હવે કંઇપણ ચમત્કારીક બનાવ બનવાનો હોય તેમ દરેક દરબારી ઉત્સુકતાપૂર્વક રાહ જોવા લાગ્યા. એટલામાં રાણા અમરરાય ગંભિરતાપૂર્વક બોલવા લાગ્યા

“ સર્વ સામંત, સરદાર, પ્રધાન, ને પ્રજાજનો ! આજ મોટી રાજક્રાંતી થનાર

છે. આ મહારાજા સજ્જનસિંહનું પૂજ્ય સિંહાસન, મેં, તારૂણ્ય મદથી અંધ બનીને, તેમજ પવિત્ર રાણી વિમળ કુમારીના સૌંદર્યથી અંજાઈ જઈ રાજલોભથી ભાન ભુલી, મહારા દુષ્ટ પદાઘાતથી મલિન કર્યું છે તેનું પ્રાયશ્ચિત લેવા માટેજ. વૃદ્ધપણામાં, જે પ્રધાન પાસેથી જે સેનાપતિ પાસેથી, જે મહારી શૂર સેના પાસેથી અને પ્રજાજનો પાસેથી ખોટી રીતે સિંહાસનાધિશ્વર-રાણા તરીકે આજસુધી જે વર્તન કરાવ્યું-મુજરા લીધા એશ-આરામ ભોગવ્યા-તેજ હું તમારી સમક્ષ આજ નિર્મત્સરપણે તખ્તપરથી નીચે ઉતરૂં છું. જેનાપર મહારો હક્ક નથી તેનો હું ત્યાગ કરૂં છૂં. જે આ સિંહાસનનો હક્કદાર હોય જેને આ સિંહાસન પર બેસવું હોય તેણે પોતાનો હક્ક યોગ્ય પુરાવાથી સાબીત કરી તખ્તપર બેસવું ને તખ્તાધિપતિ જે શિક્ષા મને ફરમાવશે તે ભોગવવા હું તૈયાર છૂં. મહારૂં પૂર્વકર્મ યાદ આવે છે ત્યારે મહારૂં માથું ફરે છે, ચારે બાજુ અંધકાર દેખાય છે, સર્વ ગાત્રો ઢીલાં પડે છે, મહારાણાની ક્રૂર મૂર્તિ મહારી નજર સમક્ષ તરવરી ઉઠે છે. હાય! પ્રભુ! અરેરે તારૂણ્ય! યુવાનીમાં અમો તરૂણો પાસે તું કેવાં અવિચારી કામો કરાવે છે! તે વખતે કોઈની પર્વા હોતી નથી. યુવતીના પ્રણય પ્રલાપ પ્રવાહમાં અંધપણે અમો તણાઈએ છીએ ને કોઈ પણ કૃત્ય કરતાં આઘું પાછું જોતા નથી. ફક્ત એક સ્ત્રીને ધન માટે ન કરાય તેવાં ક્ષુદ્ર કર્મ કરવા અમો પ્રવૃત થઈએ છીએ ને ભાવિનો વિચાર ઉંચો મુકીયે છીએ. ગુરૂજનોની વૃધ્ધોની શિક્ષા માનતા નથી. ધિક્કાર હો એવી જુવાનીને!"

અમરરાયનું હૃદયદ્રાવક ભાષણમાં સર્વ દરબારીઓ લીન થઇ ગયા. તે સિંહાસનથી હેઠે ઉતરતાંજ સર્વ લોક ઉભા રહ્યા. અમરરાય તેમને પૂજ્ય લાગતો હતો. લલિતા ને તેજસિંહ આશ્ચર્યચકિત થઇને પિતાના મ્હોંડા તરફ જોવા લાગ્યાં. વૃદ્ધ અમરરાયની નિષ્કપટ કરૂણામય વાણી સાંભળી તથા એક સેકંડ પૂર્વે જે રાજાધિરાજ જ હતો-મહારાણા હતો તે અત્યારે એક સામાન્ય મનુષ્ય કરતાં પણ ક્ષુદ્ર --અરે એક ખૂની છે એમ પરાવર્તન જોઇ સર્વ સભાજનો વિધિના ચક્રની ખુબીમાં તલ્લીન થતા ઉભા રહ્યા. રાણા તો નીચે મ્હોંયે સંચિત મુદ્રાએ, ને ખીન્ન વદને ઉભાજ હતા.

સર્વ શાંત નિઃસ્તબ્ધ છે એવું જોઇને અજીત બોલ્યો, " સભાજનો ! મહારા સામે જુવો ! આ દરબારમાં મને ઓળખે એવું કોઇ છે ? ના ! ના ! મને કોણ ઓળખે ? હું ઓળખાવો કઠીણ છૂં પરંતુ આ ઠેકાણે જો કોઇ સ્વામીભક્ત, રાજસેવક હશે તો તે મને ઓળખી શકશે ખરો. હું સ્વર્ગવાસી મહારાણા સજ્જનસિંહનો પુત્ર છૂં ને વિમલકુમારી મહારી માતા થાય. મ્હેં વિશ વર્ષ કેવળ અજ્ઞાન વાસમાં ગાળ્યાં છે. સરદારો-અમાત્ય-ને રાજસેવકો ! વિશ વરસ ઉપરની વસંત ૠતુ યાદ કરો ! સંધ્યાકાળનો વખત સ્મરો જે કૃતઘ્ન મંત્રીએ ઉદ્યાનના સર્વ પહેરેગીરોને વશ કરી લઇને, દશ યમદૂતોને રાણી રાણાને કુમારનો ઘાત કરવા રાજ્યોદ્યાનમાં મોકલીને, ચિતોડાધિપતિના રકતથી ને સ્વામિભક્ત સેવકોના લાળ શોણીતથી તે કુસુમ રજપુરીતને હૃદયાનંદ દાઇ સુવાસીત ભૂમિ કલંકીત કરી, તે વખત આમાંના કોઇ પણ રાજપુત વીરને સ્મરણમાં છે કે ? સમરાંગણમાં શમશેર ગજાવીને જેણે પોતાની કીર્ત્તિ હિમાલયનાં ઉત્તુંગ શિખરો પર્યંત પ્રસરાવી છે, એવા શૂર, રણદક્ષ, વીરનું રક્ત જેની નસે નસમાં, રોમે રોમમાં દોડી રહ્યું છે, રણક્ષેત્રના દુંદુ-

બિનાદ, તલવારોના ખણખણાટ,–ઉલ્હાટ (ટોપો) યંત્રોના શત્રુ હ્રદય ભેદી ધડાધડ થતા અવાજો જેના કાનમાં ભણકારા મારી રહ્યા છે, એવો વીર, કદાચીત તે એંશી વર્ષનો બુઢ્ઢો થયો હશે, જેનું ડોકું હાલી રહ્યું હશે, પગ સ્થિર રહેતા નહી હશે, કિંવા તલવાર પકડવાનું જોર તેના હાથમાં રહ્યું નહી હોય તોપણ, તે વીર આ વખતે તો સત્ય પક્ષ છોડી અન્યપક્ષ સ્વિકારશે નહીંજ ! માજી રાણાને જે પૂર્ણપણે ઓળખતું હશે, મ્હારી વર્ણવેલી વખત ને તે ઉદ્યાન ભુમી પરનો રાજરક્ત સિંચનનો દિવસ જેને યાદ હશે તે હું કોણ છું તે સત્વર કહી શકશે ? બોલો. સ્વામીભક્ત રાજસેવકો ! એક નિષ્ઠ દરબારીયો ! બોલો હું કોણ છું ! શું બધાય ક્ષત્રીવીરોને તે ભુતકાળ વિસ્મૃત થયો છે ? ! ! ”

વીરરસથી ઉભરાઇ જતું આ કુમારનું સ્પષ્ટ ભાષણ સાંભળી સર્વ સભા ચકાત થઇ ગઇ. અમરરાય નીચે મુખે ઉભો હતો, વૃદ્ધ વીરોનાં ડોકાં હાલવા લાગ્યાં ને બોલવા લાગ્યા કે “તે રાજસ્થાનને કલંક લગાડનાર દીવસ અમોને યાદ આવે છે. તે વખતે સર્વની બુદ્ધિ ક્ષિણ થઇ ગઇ હતી. મંત્રી શ્રેષ્ઠ અમરરાય ! આટલા બધા રાજકાર્ય તત્પર–કુશળ–સ્વામી નિષ્ઠ હોવા છતાં પણ તે વખતે દુષ્ટવાસનાના ભોગ થઇ પડયા ! એકંદર રીત્યા તે વખત ઘણો ખરાબ હતો. અમો સર્વ રાજપુતોને તે દિવસ યાદ આવે છે ત્યારે અમારા અંગપર રોમાંચ ખડાં થાય છે. પણ શુર તરૂણ ? આટલા ભાષણ ઉપરથીજ તમો યુવરાજ છો એમ શા પરથી હમારે માનવું ? ”

આ પ્રશ્ન પુરો થતાં થતાં માંતો ત્યાં એકદમ વિજળીના જેટલી ચપળતાથી લિલાવતી આવી પહોંચી.

આ વાર્તા આવતા અંકમાં ખલાસ થશે. } અપૂર્ણ.
પાદરાકર.

---

# हीर सौभाग्य महाकाव्य.

( અનુવાદક–વકીલ–કેશવલાલ પ્રેમચંદ મોદી. બી. એ. એલ, એલ. બી. )

( અનુસંધાન ગતાંક પૃષ્ટ. ૮૮ થી. )

હે ચૈત્રરથ મારા દેખવાવડે કરીને દેવલોકનાં તમામ વનો દાસરૂપ થયેલાં છે તેવા મારા આગળ તું શું ઉત્સાહ વહન કરે છે એમ કહેલી વનલક્ષ્મીના હસતા દાંત હોયની શું એમ તે વનમાં મૂચકુન્દનાં ઝાડો શોભે છે. ૯૩

જાણે ઇન્દ્રના ઘોડા, સ્વર્ગના હાથી, તથા અપછરાઓ વાળા ક્ષીર સમુદ્રોના સરોવરોનું પ્રતિબીમ્બ હોયની શું તેમ ઘોડા, હાથી, તથા વિલાસી સ્ત્રીઓ જેમાં ક્રીડા કરે છે તેવા ક્રીડા અર્થે બનાવેલા સરોવરો તે ઉપવનમાં શોભતા હતા ૯૪

મધ્યમાં વિવિધ રચનાએ કરીને જડેલા છે મરકતમણી જેમાં તેવા સરોવરોની લક્ષ્મીઓના ઘરેણા હોયની શું તેમ મકરન્દ ને માટે દોડીને આવતા ભ્રમરોથી વ્યાપ્ત સૂવર્ણ કમળોવડે તે ઉપવન શોભતું હતું, ૯૫.

ઇન્દ્રના સરોવરની લક્ષ્મીને જીતવાની ઇચ્છા વાળા હોયની શું તથા મોતીઓ જડેલા

છત્રો હોયની શું તેમ તળાવોમાં ( રહેલા ) પાંદડાઓના છેડા ઉપર શોભતા જળબિંદુઓ વાળા વીકસેલા ધોળા કમળોવડે તે ઊપવન શોભતું હતું. ૯૬.

આ ઉપવનને વિષે સર્પરૂપી જેનો ચોટલો છે, કોયલોનો મધુર સ્વર જેમાં છે, પાકાં ગોલાં રૂપી ઓઠ છે જેના, જેમાં હાથીઓનું આવાગમન છે, પુષ્પ રૂપી જેનાં નેત્ર છે, પુષ્પ ગુચ્છરૂપી જેના સ્તન છે, એવી વનલક્ષ્મી તે ઉપવનમાં પવનવડે ભોગવાતી હવી. અથવા સર્પો જેવો કાળો જેનો ચોટલો છે. કોયલ જેવો જેનો મધુર સ્વર છે. પાકાં ગોલાં જેવા જેના હોઠ છે. હાથી જેવી જેની ચાલ છે. ખીલેલા પુષ્પ જેવા જેનાં નેત્ર છે. પુષ્પના ગુચ્છ જેવા જેના સ્તન છે તેવી કોઇ સ્ત્રીને તે ઉપવનમાં ( કસ્તુરી, ચંદન વગેરેની ) સુગંધ જેઓ પાસે તેવા યુવાન પુરૂષો ભોગવતા હવા. ૯૭.

કોઇ કામાતુર અને પૈસાદાર જુવાન પુરૂષ સાથે સંગ કરવાને ઇચ્છતી અસતી સ્ત્રી પાસે રહેતી કોઈ દૂતીને ઘેર જાણે જતી હોયની શું તેમ મનોજ્ઞ અને મણીની કાન્તીવાળા કિલ્લાને મળવા ઇચ્છતી તે વનની લક્ષ્મી નગરની ફરતી ખાઇને દૂતી કરવાને ઇચ્છતી હોયની શું તેમ તે ખાઇ ( ના પાણી )માં પ્રતિબીંબરૂપી રહેલી છે. ૯૮

સ્વર્ગને જીતવાવાળી નગરની આ ખાઇ જાણે પોતાના તરંગરૂપી હાથ ઉંચા કરીને દેડકાના શબ્દોએ કરીને આ નગર આગળ તારી સમૃદ્ધિ શા હિસાબમાં છે એમ અલકાપૂરીની નીંદા કરતી હોયની શું ? ૯૯

તે ખાઇના પાણીમાં પડતા ચંદ્રમાના પ્રતિબીંબને જોનાર લોકોને એવો ભાસ થતો હતો કે ચંદ્રના ખોળામાં રહેલા તરસ્યા અને ભૂખ્યા થયેલા મૃગને પાણી પાવાને અને લીલું ઘાસ ચરાવવાને શું ચંદ્ર પોતેજ આ ખાઇમાં આવ્યો હોયની શું. ૧૦૦.

આકાશને આલીંગન કરવાની લાલચુમણીઓની પંકિતના તેજના કિરણો કરીને વરસાદ વિના તથા ચોમાસા વિના પણ ઈન્દ્ર ધનુષ્યનો આડંબર કરતો હોયની શું તેવો તે નગરને કિલ્લો છે. ૧૦૧.

સનાતન ( એટલે નીરંતર રહેવાવાળી ) જેમાં લક્ષ્મી છે અથવા વીશ્નુ અને લક્ષ્મી જેના ઉપર બેસે છે, કમાડ રૂપી જેની પાંખો છે. સુવર્ણમય જેની કાયા છે અને ગગન ( માં જે ફરે છે અથવા ) સુધી જે ઉંચાઇના લીધે પહોંચે છે તેવા આ નગરનો આ કિલ્લો ગરૂડનું સાદ્રસ્યપણુ કેમ ન પામે ? અર્થાત્ આ કિલ્લો ગરૂડના જેવોજ છે–સાદ્રસ્યપણાને પામેલોજ છે. ૧૦૨.

રત્નોની કાન્તિની શ્રેણીઓએ કરીને દૂર કર્યાં છે અંધકાર તે જેમણે અને આકાશને લાગી રહેલા તે પૂરીની અગાસીઓ સમુહો હોવાને લીધે પુરજનો તે પુરીને નીરંતર ઉદયશીલ છે ( કર્મના સાક્ષીરૂપ ) લાખો સૂર્યો છે જેમાં તેવી હોયની શું તેવી દેખતા હવા. ૧૦૩.

કોઇ જુવાન પુરૂષે ચંદ્રકાંત મણીઓવડે બનાવેલા ઘરના જેવું જેનું મંદ હસવું છે, કટાક્ષ મારતી ( પોતાની ) સ્ત્રીને સ્નેહથી આલીંગન કરતો હોય તેમ તે કિલ્લો ચન્દ્રકાન્ત મણીઓના બનાવેલા ઘરોરૂપી હાસ્યને વહન કરતી અને ધોળાપતાકાઓ વડે કટાક્ષો મારતી તે પ્રાલ્હાદન પુરીને સ્નેહથી જાણે આલીંગન કરતો હોયની શું ? ૧૦૪.

સ્વર્ગ, પાતાળ તથા પૃથ્વીમાં ઉત્પન્ન થતા તમામ પદાર્થોના જેવા સર્વોત્તમ પદાર્થોના

સમૂહોએ કરીને પૂર્ણરીતે ભરેલા ઓરડાઓ વાળી દૂકાનોની ન વર્ણવી શકાય તેવી શોભા તથા ત્રણ લોકની દૂકાનોના વંશમાંથી ઉત્પન્ન થયેલી હોયની શું તેવી આ નગરની શોભા છે. ૧૦૫.

જેમ ઉત્તમ પુરૂષો પોતાની કીર્ત્તિથી તમામ દિશાઓને સુગંધમય કરે છે તેમ આ નગરની આ દૂકાનોમાં રહેલા કેસર, ધુપ, ચંદન, કસ્તુરિ, બરાસ વડે તમામ દિશાઓ સુગંધીમય થઇ રહેલી છે. ૧૦૬.

તે નગરની દૂકાનો (ની હારો)માં ધનવાન લોકોના બાળકો ગંગા નદીની રેતી હોયની શું તેમ બરાસના ભૂકામાં લીલા શંખલા હોયની શું તેમ દેદીપ્યમાન લીલા રત્નો વડે રમે છે. ૧૦૭.

તે પૂરીના ચન્દ્રકાન્ત મણી તથા સોનાથી બનાવેલા ઘરોને વિષેજ સૂર્ય અને ચંદ્ર ન જીતી શકાય તેવા પરાક્રમવાળા આપણા શત્રુ રાહુને શી રીતે જીતીએ એવો તે ઘરોમાં રહેલા મનુષ્યોના શબ્દોના મીષથી જાણે માંહોમાંહે વીચારતા હોયની શું ? ૧૦૮.

આ નગરમાં હીરાથી જડેલા ઘરોના આંગણાઓમાં જડેલા હીરાઓમાં પડતા ચંદ્રના પ્રતિબીમ્બને જોઇને તે ચંદ્રને માગતા નાદાન બાળકોને તેમની માતાઓ મહા મુસ્કેલીથી રમવા આવેલા રાજહંસોના બચ્ચાઓથી લલચાવી આશ્વાસન આપતી હતી. ૧૦૯.

તે નગરમાં ચંદ્રના ઉદય વખતે ચંદ્રકાન્ત મણીની જેના મધ્ય ભાગમાં રચના છે. તેવા ધુમટોના શીખરોમાંથી પાણીના ઝરાઓ જેમાંથી વહે છે તેવા (રૂપાના) ઉજ્જવલ ઘરો શીખર ઊપરથી વહેતી ગંગા નદીવાળા હીમાચળ પર્વતનું અનુકરણ કરતા હતા. ૧૧૦.

આ નગરી પોતાની સંપત્તિના દર્પભાવથી અહંકારવાળી થઇ ઘુઘરીઓના રણકારરૂપી શબ્દો વડે તથા પવનથી અતિ ફરકતી ધજાઓ રૂપી હાથ વડે ઇન્દ્રની નગરી અમરાવતીને યુદ્ધ કરવાને જાણે બોલાવતી હોયની શું. ૧૧૧.

---

# तंबाकु अने विद्यार्थीओ.

( લેખક. શા. નાથાલાલ ચકુભાઇ. મુ. અમદાવાદ. )

આજકાલ સમગ્ર ભારતને અધોગતિમાં મુકનાર તંબાકુનો ઉપયોગ નિઃશંશય હિન્દુસ્તાનમાં દિવસે દિવસે ઘણોજ વધતો જાય છે. તેમાં પણ પૂર્વ તરફના વિદ્યાર્થીઓમાં તેનું બળ વધુ પ્રમાણમાં ફેલાયલું જોવામાં આવે છે, એ થોડું શોચનીય નથી. એક વિદ્યાર્થી કે જેની ઉમ્મર આઠ વર્ષથી વધુ નથી, તે એનજીનની વરાળ માફક બીડીના ધુમાડાના ગોટેગોટા કહાડતો નિશાળે જાય છે. તેનું ભવીષ્યમાં શું થશે તે દેખીતુંજ છે. તે નિર્બળ થઇ જશે. મગજશક્તિ નાબુદ થશે. નિઃસત્વ થવાથી દરેક જણ તેને ધિક્કારશે ને છેવટે દુનિયાને કોઇ પણ જાતનો ઉપયોગી રહેશે નહી. તંબાકુ એ કલીયુગની નીશાની છે. રાજાને રંક, બ્રાહ્મણ ને શુદ્ર, ગોરાને હીંન્દુ, દરેક તે વાપરે છે. એક ભારત કવી કહે છે કે ? એક પુરૂષે તંબાકુ ને પુછ્યું.

અરે ભાઇ તમે કોણ છો. તંબાકુ એ જવાબ દીધો હું તંબાકુ છું.

સવાલ—તમે ક્યાંથી આવો છો ?

જવાબ—સમુદ્રની પેલી પારથી.

સવાલ—તમે શું છો ?

જવાબ—તમે જાણતા નથી! હું કલી મહારાજાનો ચપરાશી છઉં.

સવાલ—તમારો ધંધો શું છે ?

જવાબ—મારા રાજા કલી મહારાજે મને આ દુનિયામાં જ્ઞાતિબંધન સજ્જનતા સત્વ અને બળનો ત્યાગ કરાવી, બધાને એક બનાવી દેવા મોકલ્યો છે.

સવાલ—તમારૂં કાર્ય તમે બરોબર બજાવો છો ?

જવાબ—હા ! શું તમે જોતા નથી, રાજા રજવાડામાં, અમલદારો, શેઠીયાઓ વિદ્યાર્થીઓને હલકા વર્ગની સ્ત્રીઓમાં, અમારા ઝાડુ વાળનાર ઢેડ–ભંગીની પુંકારેલી તંબાકુનો પ્રચાર ઘણીજ ઉત્તમ રીતે મોટા પ્રમાણમાં કર્યો છે.

સવાલ કરનાર ઠંડોગાર જેવો થઇ ગયો.

બીડી પીવાની ટેવ દુનિયામાં અર્ધ પ્રસરી ગઇ છે. તે ઉપરાંત તંબાકુ ચાવવાની ને સુંઘવાની પણ પ્રસરી છે. નાનાં બચ્ચાં તંબાકુ ઘણી ખુશીથી પીએ છે. ખાય છે ને સુંઘે છે. વિદ્યાર્થીના ખીસ્સામાં બીડીની ડબ્બી હોય છે. પુરૂષો, ઉપરાંત હલકા વર્ગની સ્ત્રીઓ સુદ્ધાંતમાં તે ટેવો પ્રસરી છે ને તંબાકું નહિ વાપરનાર સેંકડે ફક્ત પાંચજ ટકા હશે.

કેટલાક મૂર્ખ પીતાઓ તો પોતાના પુત્રના મુખમાં બીડી મુકી કહે છે કે, મારો પુત્ર આમ બીડી પીશે. હા ! મુર્ખ પિતા—છોકરાના મુખમાં બીડી મુકે છે–કે તેના કોમળ કાળજામાં પુળો મુકે છે ? અપચોને થાક ઉતારે છે એવું બાનું મૂર્ખ માણસો કહાડી બીડીને ઉત્તેજન આપે છે.

પણ આઠ વર્ષ ને તેથી એકવીશ વર્ષની અંદરના વીદ્યાર્થીઓને માટે તો તે ઝેરજ છે. પણ હા! આજ તો સભ્યતાની તે એક નીશાની છે. એક ડૉક્ટર કહે છે કે, "એક છોકરો જે બીડી પીએ છે તે ભાગ્યેજ મનુષ્યત્વને સમજે છે. સાત્વીક ને શરિરીકબળને ભાગ્યેજ અનુભવે છે અને મગજશક્તિ કે હુન્નરકળાનો વૈભવ ભાગ્યેજ ભોગવી શકે છે." તે યુવાનોને ચેતવણી આપે છે કે જેમણે દુનીયામાં આગળ વધવું છે–ચળકવું છે નામ કાઢવું છે તેણે તો તંબાકુને ઝેર ગણી ત્યાગવી. અતિશય થુંકવાની અનિયમિત ટેવ મનુષ્યના આહાર પચાવવામાં ખામી લાવે છે. શ્વાસ રુંધાય છે અને કાળને દ્રવ્યના વ્યય ઉપરાંત મુખની દુર્ગંધ બહુજ દુઃખદ છે. વળી બીડીની ગુલામગીરીમાં ફસેલાં મનુષ્યો બબડે છે કે, "હવે અમારે તે સિવાય ચાલતું નથી." આહા ! આજના જુવાનો ! બીડીના ગુલામો ! હજી પણ શારીરિક સ્થિતિ આર્થિક સ્થિતિ–દેશની ને ભારત વર્ષની સુધારવી હોય તો ઉંઠા–બીડી રૂપી બેડીનો ત્યાગ કરો ! સ્કૂલોને કોલેજોના અગ્ર પુરૂષોને વિનંતી કરૂં છું કે, છોકરાઓને ફરજીયાત નહિ પણ તેમને ગેરફાયદા સમજાવી પોતાના ખાતાના છોકરાઓને શારિરીક, સંપતિની ઉન્નતિ અર્થે બીડી છોડાવવી એવી મારી નમ્ર વિજ્ઞપ્તિ છે. ઇત્યલમ્.

# જાણવા જોગ.

## ગૌશતળા વિરૂધની લડત.

મી. કેખશરૂ જમશેદજી તારાચંદ બી. એ. જેઓ પારસી ગ્રહસ્થ છે અને દયાન કામમાં કેટલાક વર્ષોથી પોતે મંડ્યા છે તેઓ બીજા કેટલાક કામોની જોડે ગૌશિતળાન ફરજ્યાત કાયદામાંથી હિંદુસ્થાનને મુક્ત કરાવવાને માટે ઇંગ્લાંડમાં કેટલાક માસથી હીલચાલ કરી રહ્યા છે જેના પરીણામમાં હિંદી વજીરે આ બાબત ઉપાડી લીધાના શુભ સમાચાર મલ્યા છે. ઇચ્છીશું કે મી. કેખશરૂની અથાગ મહેનતનું સારૂ પરિણામ આવે. મજકુર આશામ વધારો થવાનું કારણ એ છે કે મી. કેખશરૂએ હિંદી વજીર ઉપર લખેલાં અસરકારક પત્રે હિંદી સરકાર જોગ મોકલી આપવામાં આવ્યાં છે. તેમજ મી. તારાચંદની ફરમાસથી પારલા મેંટના મેમ્બર મી. જ્યોર્જ ગ્રીન ઉડે આ સવાલ ઉપાડી લીધો છે અને તે આમની સભામ વાદવિવાદ ચલાવનાર છે ઉપરાંત પારલામેન્ટના મેમ્બરોની મોટી સંખ્યા આ હિલચાલન મદદમાં છે.

મી. કેખશરૂની આ હિલચાલ મદદને પાત્ર છે એમ હમારો આખ્રિન મત છે, કેમકે જીવ દયાનો પ્રકાશ સત્તાની મદદ વીના જોઇતા પ્રમાણમાં થતો નથી એમ અનુભવાય છે માટે હિંદુસ્થાન અને યુરોપાદિ સ્થલે જીવદયાનું સંગીન જ્ઞાન ફેલાવવા માટે, જૈનોએ જેમ બને તેમ યથાશક્તિ પ્રયત્ન કરવો.

× × × × ×

એવી કહેવત છે કે જ્યાં સૂર્ય જઇ શકતો નથી ત્યાં ડોક્ટર જાય છે. સાયન્સની શોધ થયા પહેલાં પણ અનુભવથી એમ માલુમ પડ્યું હતું કે નજરે દેખાય નહીં તેવાં સંખ્યાબંધ જંતુઓ પેદા થાય છે; મનુષ્યોને જે દરદો થાય છે તેની સાથે તે જંતુઓનો સંબંધ છે; સારા તડકામાં આવા જંતુઓ નાશ પામે છે; અંધકારવાળાં મકાનોમાં માંદગી ઘણી વધારે થાય છે અને જે લોકોના ઘરમાં સૂર્યનો તડકો સારી રીતે જઇ શકે છે, ત્યાં દુઃખ દરદો ઓછાં હોય છે. સામાનય રીતે જે મહીનાઓમાં સૂર્યનો તડકો ઓછો હોય છે, અને તે વાદળામાં ઢંકાયલો રહે છે, તે મહીનાઓમાં દરદો વધારે થાય છે, જ્યારે ખુબ તડકો પડતો હોય છે ત્યારે ડોક્ટરોનો ધંધો મંદ પડી જાય છે. સખત ઉનાળામાં ઝાડા અને અતીસાર ને લીધે કેટલાંક બાળકો મરણ પામે છે, તે ઉપરના નીયમના માત્ર અપવાદ રૂપ છે; અને ઘણે ભાગે તો તે દરદો ખોરાકની યોગ્ય પસંદગી કરવામાં આવતી નથી તેને લીધેજ પેદા થાય છે.

**અગીઆર ફુટની લાંબી** ડાઢી–ઉતર ડેકોટામાં એક માણસને અગીઆર ફીટ અને ૭ ઇંચ લાંબી સુંદર ફરફર ઉડતી ડાઢી છે, અને તે આખી દુનીયા સામે હોડ બકે છે કે તેના જેવી લાંબી ડાઢી બીજા કોઇની નથી. એ ડાઢી રાખનાર માણસ નોરવેનો રહીશ છે, અને તેનું નામ મા૦ હેનસ એન૦ લેંગસેંડ છે. એટલી મોટી ફાંકડી ડાઢી ઉગાડતાં તેને બહુ મહેનત પડી છે અને છત્રીસ વરસો સુધી તે માટે તેને કાળજી રાખવી પડી હતી. એવું કહેવાય છે કે દર વરસે ચાર ઇંચ લેખે તેની ડાઢી વધે છે. મી૦ લેંગશેઠ એવો દાવો ધરાવે છે કે તેની પોતાની ડાઢી કોઈ રીતે અડચણકારક થતી નથી, પણ ઉલટી મોંના ઘરેણારૂપ લાગે છે, અને તે પોતાની છાતીના રક્ષણ કરનારાં ઢાંકણા તરીકે ઠંડી મોસમમાં બહુ કીંમતી નીવડી છે.

———